RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 184* Date: 02.05.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

૧૪ દર્દીઓ બેડ ઉપર જ ખાક, સીએમની ૪ લાખની સહાયની જાહેરાત, પીએમ મોદીએ ટ્વિટ કર્યું

ભરૂચની કોવિડ હોસ્પિટલમાં આગની મોટી દુર્ઘટના, ૧૬ જીવતા ભૂંજાયા

ભરૂચ,તા.૧

ગુજરાતમાં કોરોનાની મહામારીમાં હોસ્પિટલોમાં આગ લાગવાની ઘટનાઓ પણ મહામારીની જેમ બેફામ બની છે. છેલ્લા એક વર્ષમાં અમદાવાદ, વડોદરા, જામનગર અને રાજકોટમાં પણ કોરોનાની સારવાર લઇ રહેલા દર્દીઓ ICUની આગમાં લપેટાયા છે. છેલ્લા એક વર્ષમાં ભરૂચની ઘટના મળી પાંચ અગ્નિકાંડ થયા છે.

ગુજરાતના ભરૂચમાં પટેલ વેલફેયર હોસ્પિટલમાં બનેલા કોરોના વોર્ડમાં મોડીસાંજે અચાનક આગ ફાટી નીકળી હતી. જોત જોતામાં આગની લપેટો આઈસીયૂ વોર્ડ સુધી પહોંચી ગઈ હતી. હોસ્પિટલમાં ભીષણ આગને જોતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ ફાયરને કરાતા બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યાં સુધીમાં ૧૮ જેટલા કોરોના દર્દીઓ આગની ઝપેટે ચઢી ગયા હતા. પટેલ વેલફેયર હોસ્પિટલમાં આગ લાગી હોવાની માહિતી મળતા લોકો પણ રેસ્ક્યૂ ટીમ સાથે જોડાયા હતા. પરંતુ આ આગ એટલી વિકરાળ હતી કે, ICUમાં દાખલ તમામ દર્દી અને ૨ સ્ટાફના મૃતદેહ આખેઆખા ભડથુ થઈ ગયા છે. તેમની ઓળખ પણ મુશ્કેલ બની રહી છે. તો બીજી તરફ, આખુ કોવિડ સેન્ટર બળીને ખાખ થઈ ગયું છે. તેના દ્રશ્યો બતાવે છે કે આ આગે કેટલો વિનાશ નોતર્યો છે.

ભરૂચ હોસ્પિટલમાં આગ મામલે PM મોદીએ ટ્વિટ કરીને સંવેદના પાઠવી છે. તેમણે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે હોસ્પિટલમાં આગની ઘટના દુઃખદ છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મૃતકોના પરિવાર પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યુ છે અને સંવેદના પ્રગટ કરી આ ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક વ્યક્તિના વારસને ૪ લાખ રૂપિયા સહાયની જાહેરાત કરી છે. પ્રત્યેક મૃતકોના વારસને ૪ લાખ રૂપિયાની સહાય રાજય સરકાર તરફથી મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આપવાની પણ જાહેરાત કરી છે.

જાણવા મળી રહ્યું છે કે શુક્રવારે રાત્રે લગભગ ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આ ગોજારી ઘટના બની હતી. ભરૂચમાં બનાવવામાં આવેલી પટેલ વેલફેયર હોસ્પિટલના કોવિડ વોર્ડમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જાણવા મળી રહ્યું છે કે જે જગ્યાએ આગ લાગી ત્યાં આઈસીયૂ વોર્ડ હતો. આગ એટલી ઝડપથી ફેલાવવાની શરૂઆત થઈ કે દર્દીઓને બહાર નીકળવાનો સમય પણ મળ્યો નહોતો. જ્યાં સુધીમાં રેસ્ક્યૂ ટીમ દર્દીઓને બહાર કાઢે તે પહેલા તેઓ આગની ઝપેટે ચઢીને ભડથૂ થઈ ગયા હતા. હાલ પોલીસ અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. હોસ્પિટલમાં ફસાયેલા તમામ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યું છે.

બીજી બાજુ હોસ્પિટલમાં ઓક્સિજન લીક થતા આગ લાગી હોવાનું ધારાસભ્ય દુષ્યંત પટેલે જણાવ્યું છે. હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં ૨૭ જેટલા દર્દીઓ હતા. આ ઘટનામાં ૧૨ દર્દીઓ અને ૨ સ્ટાફ સભ્યો સહિત ૧૮ લોકોના મૃત્યુ થયા છે. જો કે મૃત્યુઆંક હજુ પણ વધવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. આગનો ભોગ બનેલી હોસ્પિટલના દર્દીઓને

ભરૂચની સિવિલ હોસ્પિટલ, સેવાશ્રમ હોસ્પિટલ, જંબુસર અલ મહેમૂદ સહિત ભરૂચની ખાનગી હોસ્પિટલોમાં શિફ્ટ કરાઈ રહ્યા છે.

જાણવા મળી રહ્યું છે કે ૨૦થી વધુ કોવિડ દર્દીઓને જંબુસર અલ મેહમૂદ અને વલણ હોસ્પિ.માં રીફર કરાયા છે. ભરૂચની પટેલ વેલ્ફેર કોવિડ હોસ્પિટલમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. સ્થાનિકો, દર્દીના સંબંધીઓ, ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યૂ કરી કોરોના દર્દીઓને બચાવવામાં આવ્યા છે. ભરૂચની આ હોસ્પિટલમાં ૧૦૦ કોરોના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

જાણવા મળી રહ્યું છે કે કોરોના વોર્ડમાં લગભગ ૪૯ કોરોના દર્દીઓ દાખલ હતા, તેમાંથી ૨૪ દર્દીઓ આઈસીયૂમાં હતા. ભરૂચ કલેક્ટર અનુસાર આગમાં કુલ ૧૮ લોકોના મોત થયા છે, જયારે ઘાયલ થયેલા લોકોની સારવાર અન્ય હોસ્પિટલોમાં ચાલી રહી છે. આગનું કારણ શોર્ટસર્કિટ બતાવવામાં આવી રહ્યું છે. હાલ આ મામલામાં તપાસ કરવામાં આવી રહી છે.

ભરૂચમાં પટેલ વેલફેયર હોસ્પિટલમાં ૨ સિનિયર IAS અધિકારીને ભરૂચ જવા માટે સૂચના આપી દેવામાં આવી છે. તેઓ હોસ્પિટલમાં આગ મામલે તપાસ કરશે. શ્રમ રોજગારના અધિક મુખ્ય સચિવ ભરૂચ જશે. કમિશનર મ્યુનિ. એડ.રાજકુમાર બેનીવાલ આ સમગ્ર ઘટનાની તપાસ કરશે. દુર્ઘટનાની ન્યાયિક તપાસ કરવા આદેશ અપાયો છે.

ભારતની પડખે ચીન, રાત-દિવસ કરી રહ્યું છે ઓક્સિજન જરનેટરનું ઉત્પાદન

ન્યુ દિલ્હી,તા.૧

ભારત અત્યારે કોરોના વાયરસની બીજી લહેરથી ઝઝૂમી રહ્યું છે અને એવામાં દુનિયાભરના દેશ મદદ માટે આગળ આવ્યા છે. તેમાં ભારતનું કટ્ટર હરિફ ચીન પણ સામેલ છે. ચીની રાજદૂતે ગ્લોબલ ટાઇમ્સને આપેલા ઇન્ટરવ્યુમાં દાવો કર્યો છે કે ભારતની માંગ પ્રમાણે ચીનન મદદ માટે શકય દરેક પ્રયાસ કરશે. રિપોર્ટના મતે ભારતે જે ૪૦ હજાર ઓક્સિજન જનરેટર્સનો ઓર્ડર આપ્યો છે તેનું ઉત્પાદન ચાલુ છે. ચીની કંપનીઓ ટૂંક સમયમાં જ ભારતને જરૂરી મેડિકલ સપ્લાય પૂરો પાડશે.

સુને ઇન્ટરવ્યુમાં કહ્યું છે કે ચીનને આશા છે કે ભારત સરકારના નેતૃત્વમાં સ્થાનિક લોકો જલ્દીથી મહામારી પર જીત પ્રાપ્ત કરી લેશે. તેમણે કહ્યું કે ચીન ભારતની મદદ કરવામાં સૌથી પહેલા આગળ આવ્યું છે.'' એપ્રિલથી ચીને ૫૦૦૦થી વધુ વેન્ટિલેટર, લગભગ ૨૨ હજાર ઓક્સિજન જનરેટર, ૩૮૦૦ ટન દવાઓ અને ૨.૧ કરોડ માસ્ક મોકલ્યા છે.

તેમણે કહ્યું છે કે ચીની કંપનીઓ આખો દિવસ કામ કરીને ઝડપથી ૪૦ હજાર ઓક્સિજન જનરેટર્સનું ઉત્પાદન કરી રહ્યું છે અને વહેલી તકે તેને પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

સુને કહ્યું છે કે ઘણી ચીની કંપનીઓ અને ખાનગી સંસ્થાઓ પણ ભારતને મદદ કરી રહ્યું છે. તેમણે કહ્યું છે કે મેડિકલ સપ્લાયની સાથે બંને દેશોના આરોગ્ય નિષ્ણાતો વચ્ચે વાતચીત પણ સ્થાપિત કરવામાં આવશે. સુને કહ્યું છે, ''અમે જિંદગીઓ બચાવવા માટે ભારતને તમામ શક્ય મદદ કરીશું.'' અગાઉ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે શુક્રવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સંદેશ મોકલ્યો હતો અને ભારતમાં કોરોના વાયરસ મહામારી પર સંવેદના વ્યક્ત કરી હતી અને દેશમાં કોવિડ-૧૯ના વધતા કેસને ઉકેલવા માટે સમર્થન અને સહાયતા પ્રદાન કરવાની રજૂઆત કરી હતી.

સૌથી વધુ સંક્રમિત અમેરિકામાં નવા દર્દીઓથી ૭ ગણો

કોરોનાનું વિકરાળ સ્વરૂપ, ૧ દિવસમાં ૪ લાખથી વધુ કેસ, ૩૫૨૩ના મોત

ન્યુ દિલ્હી,તા.૧

કોરોનાનું પ્રચંડ સ્વરૂપ નિયંત્રણમાં આવવાના બદલે દરરોજ વધુ વિકરાળ બની રહ્યું છે. ભારતમાં કોરોના દરરોજ પોતાના પાછલા રેકોર્ડ તોડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪ લાખ કરતા પણ વધારે નવા કેસ સામે આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે દેશમાં કોરોનાના ૪,૦૧,૯૯૩ નવા કેસ સામે આવ્યા છે અને ૨૪ કલાકમાં જ ૩,૫૨૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તેના એક દિવસ પહેલા દેશમાં કોરોનાના ૩,૮૬,૪૫૨ નવા કેસ સામે આવ્યા હતા અને ૩,૪૯૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. દેશમાં આજથી એટલે કે શનિવારથી વેક્સિનેશનનો ત્રીજો તબક્કો પણ શરૂ થઈ ગયો છે. આજથી ૧૮ વર્ષથી ૪૫ વર્ષની ઉંમર ધરાવતા લોકો પણ વેક્સિન લઈ શકશે. જો કે, દુર્ભાગ્યવશ અનેક મોટા રાજ્યોમાં વેક્સિનની ભારે તંગી છે. વેક્સિન શોર્ટેજના કારણે અનેક રાજ્યોએ પહેલી મેથી શરૂ થતો વેક્સિનેશન પ્રોગ્રામ શરૂ કરવામાં અસમર્થતા દર્શાવી છે અથવા તો તેમાં આંશિક રીતે જોડાયા છે. મહારાષ્ટ્ર, ગોવા, યુપી, રાજસ્થાન, ગુજરાત, આંધ્ર પ્રદેશ જેવા રાજ્યોમાં વેક્સિનની ભારે તંગી છે. દેશની રાજધાની દિલ્હી અને મહારાષ્ટ્ર હાલ કોરોનાના હોટસ્પોટ બન્યા છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૭,૦૭૪ નવા કેસ સામે આવ્યા છે અને ૩૭૫ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દિલ્હીમાં હાલ સક્રિય દર્દીઓની સંખ્યા ૯૯,૩૬૧ થઈ ગઈ છે.

એપ્રિલ મહિનામાં ૬૬ લાખથી પણ વધારે કેસ સામે આવ્યા છે. જેને ગત વર્ષ મહામારીની શરુઆત બાદ સંક્રમણના મામલાને લઈને સૌથી ખરાબ મહિનો સાબિત થયો છે. એપ્રિલમાં નોંધાયેવા નવા મામલા ગત ૬ મહિનામાં સામે આવેલા મામલામાં સૌથી વધારે રહ્યા જે સંક્રમણની બીજી લહેરની ગંભીરતા દર્શાવે છે.

ભારતમાં કોરોનાના એક દિવસના કેસ ૪ લાખ ૧ હજાર ૯૧૧ મામલા સામે આવ્યા છે. જેની સાથે જ સંક્રમિત લોકોના અત્યાર સુધીના આંકડા વધીને ૧.૯૧૬ચ પાર પહોંચી ગયા છે. જયારે માર્ચના અંત સુધીમાં મામલાની સંખ્યા ૧૨૧૪૯૩૩૫ હતી. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યુ કે એપ્રિલ બાદથી સંક્રમણના મામલા સ્પીડમાં વધ્યા છે.

૫ એપ્રિલથી રોજ એક લાખથી વધારે મામલા સામે આવવા લાગ્યા જયારે ૧૫ એપ્રિલથી આની સંખ્યા પ્રતિદિન ૨ લાખને પાર થઈ ગઈ અને ૨૨ એપ્રિલથી રોજના ૩ લાખથી વધારે મામલા નોંધાયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુકત સચિવ અગ્રવાલે કહ્યુ કે ગત ચાર અઠવાડિયામાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, ઝારખંડ, પંજાબ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં પરિસ્થિતિ વધારે ચિંતાજનક છે.

૧૮+નું વેક્સિનેશન માટે લાંબી લાઈનો, તો ક્યાંક કેન્સલ, લોકોને ભારે હાલાકી

બીજો ડોઝ લેવા આવનારને બીજા સેન્ટર પર જવા કહ્યું, ઓનલાઇન રજિસ્ટ્રેશન કન્ફર્મ ન થતા હેરાન થયા હતા.

અમદાવાદ,તા.૧

રાજ્યમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ભરૂચ અને ગાંધીનગરમાં ૧૮થી ૪૪ વર્ષની વયના યુવાનોને કોરોના વેક્સિનેશનનો પ્રારંભ થયો છે. આજે પહેલાં જ દિવસે અફરાતફરીનો માહોલ અમદાવાદ શહેરના કેટલાક સેન્ટર પર થયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનની અવ્યવસ્થાના કારણે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો માહોલ થયો છે. રજિસ્ટ્રેશન વેરિફિકેશન, સોફ્ટવેર પ્રોબ્લેમ, રજિસ્ટ્રેશન કરેલા સેન્ટરની વિગત અને રસીનો જથ્થો ઓછો આવવાના લોકો હેરાન થયા છે. બાકીના સેન્ટરો પર યુવાનો રસી લેવા માટે લાઈન લગાવી હતી. ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને વેક્સિન આપવામા આવી હતી. જો કે વેક્સિન કોઈને ઓબ્ઝર્વેશનમાં બેસાડવામાં આવતા ન હતા.

કેટલાક સેન્ટર પર તો વેક્સિનેશન જ કેન્સલ કરી દેવામાં આવ્યું હતું. જેના કારણે લોકોને ભારે હાલાકી પડી હતી. વંદના પાર્થિવ પંચાલે જણાવ્યું હતું કે, કોવિન વેબસાઈટ પર તેઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ઘોડાસર વિસ્તારમાં આવેલી શાળા નંબર ૨માં તેઓને સવારે ૯થી ૧૧નો વેક્સિનેશન માટે સમય આપવામાં આવ્યો હતો. જોકે આજે સવારે અડધા કલાક પહેલા જ તેઓને મેસેજ આવ્યો હતો કે, તમારું વેક્સિનેશન કેન્સલ થયું છે અને કોવિડ એપ પર રિસિડ્યૂલ કરવું.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાહીબાગ વિસ્તારમાં આવેલા ઓસવાલ ભવન ખાતે પણ વેક્સિનેશન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે જેમાં આજે સવારથી ૧૪૫ જેટલા લોકોએ વેક્સિન લીધી હતી. શાહીબાગ વિસ્તારના કાઉન્સિલર ભરત પટેલ(લાલભાઈ)એ જણાવ્યું હતું કે, ૧૮ વર્ષથી ૪૪ વર્ષના લોકોને વેક્સિન આજથી આપવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં આજે શાહીબાગમાં ઓસવાલ ભવન ખાતે સવારથી મોટી સંખ્યામાં જેમને વેક્સિન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું તેઓ વેક્સિન લેવા માટે પહોંચ્યા હતા. ૪૫ વર્ષથી ઉપરના લોકો માટે શાહીબાગ વોર્ડમાં ઘરે ઘરે અને સોસાયટીઓમાં વેક્સિનેશન કેમ્પ કર્યા હતા. વેક્સિનેશનમાં સ્થાનિક ધારાસભ્ય પ્રદીપ પરમાર પણ હાજર રહ્યા હતા.

સાબરમતી શાળા નંબર ૭ ખાતે મોટી સંખ્યામાં લોકો વેક્સિન લેવા માટે ઉમટી પડ્યા હતા. જે યુવાનોએ ઈ.હ.ર્મ્દૃ.હ પોર્ટલ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તેઓને જ વેક્સિન આપવામાં આવે છે ત્યારે કેટલાક લોકોને મેસેજ આવ્યો હતો. પરંતુ ક્યાં કેન્દ્ર પર રસી લેવી તેની માહિતી અંદર ન આવતાં તેઓ રસી લેવા ત્યાં પહોચ્યાં હતા કેટલાક લોકોને મેસેજ મળ્યો હતો છતાં તેઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કન્ફર્મ ન થતા હેરાન થયા હતા. નરોડા વિસ્તારમાં આવેલી શાળાના ૨૦૦ લોકોને વેક્સિનનું રજિસ્ટ્રેશન હતું પરંતુ ૧૦૦ જ રસીના ડોઝ લાવવામાં આવ્યા હતા. જેના કારણે બીજા આવેલા લોકોને લાઈનમાં રાહ જોવી પડી હતી. અડધો કલાક બાદ વેક્સિન લાવી આપી હતી. બીજી તરફ જે સમય લોકોને આપવામા આવ્યો હતો તે મુજબ વેક્સિન આપવા ટોકન આપવામાં આવતું હતું. ટોકન લઈ લોકોને લાઈનમાં ઉભા રાખવામા આવ્યા હતા.

ટલોડિયા પ્રભાત ચોક ખાતે આવેલી નૂતન અંગ્રેજી સ્કૂલમાં ટોકન મુજબ લાઈનમાં લોકોને વેક્સિન આપવામાં આવી હતી. સોશિયલ ડિસ્ટન્સ સાથે લોકો વેક્સિન લેવા આવ્યા હતા. તમામ લોકોને વેક્સિન આપવામાં આવી હતી. બીજી તરફ નવરંગપુરા ખાતે આવેલી શાળા નંબર ૭-૮માં પણ લાઈનમાં રહી યુવાનોને વેક્સિન આપવામાં આવી હતી. વેક્સિન લીધા બાદ અડધા કલાક માટે બાજુમાં આવેલ ઓબ્ઝર્વેશન રૂમમાં બેસવાનું હોય છે જોકે, એકપણ વ્યક્તિને ઓબ્ઝર્વેશન રૂમમાં બેસાડવામાં આવ્યા ન હતા. વેક્સિન લઈ લોકો તરત ઘરે જતા રહ્યાં હતાં.

જે લોકોએ રસીનો બીજો ડોઝ લેવાનો છે તેઓ પણ સ્કૂલ પર રસી લેવા પહોંચયા હતા. પરંતુ તેઓને આ સ્કૂલ પર માત્ર ૧૮થી ૪૪ વર્ષના જ લોકોને વેક્સિન આપવામાં આવે છે જેથી તેઓને અર્બન હેલ્થ સેન્ટર અથવા બીજા સેન્ટર પર જવા માટે કહ્યું હતું. નારણપુરા શાળા નંબર ૪માં આજે બીજો ડોઝ લેવાનો હોવા છતાં તેઓને બીજા સેન્ટર જવા માટે કહેવામાં આવ્યું હતું.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૮૪૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૫૮૧૬૨૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૭૨

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૫૮૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૪૨૯૧૩૦



તંત્રી સ્થાનેથી...

સુપ્રિમ કોર્ટ-હાઈ કોર્ટની ચેતવણી છતાં લોકો પરજ દોષ ઢોળવાનું કારણ.....?!

કેન્દ્ર સરકારમા બેઠેલાઓ એક પછી એક ભૂલ કરતા જઈ રહ્યા છે.... તે સાથે કોરોના ફેલાવવા માટે આમ પ્રજાની જવાબદાર ગણાવતા રહ્યા છે... ત્યારે મદ્રાસ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને જવાબદાર ગણાવતા કેન્દ્ર સરકાર હવે સમજી ગઈ હોવાનું લોકો માની રહ્યા હતા... પરંતુ ફરી એકવાર સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે લોકોની માનસિકતાને કારણે દેશમાં કોરોના મહામારી વકી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે એ પણ કહ્યુ કે હોશિયાર મિડીયા પર અનેક સંદેશમાં કેટલાક લોકો એવું કહેતાં દેખાયા છે માસ્કની જરૂર નથી તેના આગળ જીવન છે. વિવિધ પ્રતિક્રિયા સંદર્ભે સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે લોકો નિયમોનું પાલન કરે કારણ કે આપણે થાકી શકીયે પરંતુ કોરોના વાયરસ નહીં થાકે.....ત્યારે સવાલ એ બંને છે કે સ્વાસ્થ્ય મંત્રાલયને આવા સંદેશા દેખાયા હોય તો પાંચ રાજ્યોની ચૂંટણીઓ તથા જે તે રાજ્યોની સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓ દરમ્યાન યોજાયેલ સભાઓ, રેલીઓ સહિતના પ્રચાર-પ્રસાર તેમજ અન્ય સરકારી કાર્યક્રમોના સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયો અવશ્ય જોવામાં આવ્યા હશે કે જેમા રાજ નેતાઓ- નેતાઓ, ઉમેદવારો, કાર્યકરો કોરોના નિયમોની ઐસી તૈસી કરતા રહ્યા હતા... ત્યારે આ બાબતેની સ્વાસ્થ્ય મંત્રાલયે કેવી નોંધ લીધી છે....? તો કોરોના મહામારી બાબતોના ઓક્સિજનની અછત, રેમડેસિવીરની અછત, હોસ્પિટલ બહાર દર્દીઓની લાઈનો, સ્મશાન ગૃહો પર મૃતદેહોની લાઈનો વગેરે ઘટનાઓના વિડિયો વાઇરલ થયા છે તો તેના અંગે શું કહેશો....? પરંતુ હવે પોતાના બચાવ માટે થઈને આમ પ્રજાને દોષી ગણવાનું બંધ કરો... હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સહિત રાજ્યના સત્તાધારીઓને રાજનેતાઓને ઘણો મોટો ઈશારો કરી દીધો છે....હવે કોરોનાથી આમ પ્રજાને બચાવવા લોકોને જરૂરી તમામ મેડિકલ સારવાર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારી અભિયાન શરૂ કરો. બાકી મોટાભાગના લોકો માસ્ક સહિતના નિયમોનું પાલન કરી જ રહ્યા છે.... હા થોડા-ઘણા અબુધો કે નાસમજ હશે તે સ્વીકારવું રહ્યું પરંતુ આમ પ્રજાને દોષી ન ગણાય... જ્યારે એક આંગળી ચીંધીયે છીયે... ત્યારે ત્રણ આગળી પોતાની તરફ રહે છે...તે બાબત સરકારના જવાબદારો સમજે તે અતિ જરૂરી છે....!!

આજની સરકારની તકલીફ એ છે કે આમ પ્રજામાં કોરોના મહામારી બાબતે પરેશાન કે લોક પ્રશ્નો અનુસંધાને સાચી હકીકતો સોશિયલ મીડિયા પર વાયરલ કરે તો સરકાર આવા લોકોને સરકાર વિરોધી ગણે છે કે અન્ય રીતે વિરોધ કરીને ઠુકરાવે છે.... તો પ્રજા પોતાની પરેશાનીઓ કે જે તે પ્રશ્નો વાયરલ નહીં કરેલ તો શું તકલીફોનો ઉકેલ આવી જવાનો છે....? જ્યરે લોકોના પ્રશ્નોનું નિરાકરણ નથી થતું કે ઉકેલ નથી આવતો ત્યારે લોકો હોશિયાર મિડીયા પર વાયરલ કરે છે કે વોટ્સએપ દ્વારા વાયરલ કરે છે.... જેને સરકારે પોઝેટિવ લેવાની જરૂર છે.... પરંતુ નહીં સરકાર બહુમતીના જોરે હોશિયાર મિડીયા પર ફરીયાદ કરનાર કે ઉઠાવનાર સામે પગલાં લઈને ચૂપ કરી દેવા જાહેરાત કરેલ....જે કારણે દેશભરના લોકોમાં મોદી સરકાર સામે ભારે આક્રોશ ભભૂકી ઉઠયો છે.....! અને આ બાબતને ગંભીરતાથી સુપ્રીમ કોર્ટે નોંધ લીધી તે સાથે સોશિયલ મીડિયા પર ફરિયાદ કરનાર સામે પગલાં લેવામા આવે તો પગલાં લેનાર સામે કોર્ટનુ અવમાન કરવાની કાર્યવાહી કરવાની ચેતવણી આપવી પડી છે.... તે સાથે સુપ્રીમ કોર્ટે એવું પણ કહ્યું કે સિત્તેર વર્ષમાં હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાબતે દેશમાં કશું જ થયું નથી.... વર્તમાન પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે..... આવું દેશની વડી અદાલતને ક્યારે કહેવું પડ્યું હશે....? ખરેખર દેશની લોકશાહીની સુરક્ષા માટે સુપ્રીમ કોર્ટની ટકોર-ચેતવણીને આમ પ્રજા હૃદયથી આવકારવા લાગી છે. તે સાથે આમ પ્રજામાં ન્યાયની દેવી પરનો વિશ્વાસ અતુટ બનાવી દીધો છે. અને હવે સત્તાધારીઓ સમજે તે જરૂરી છે... કારણ પ્રજા જાગી ગઈ છે.... હવે જુઠ્ઠી વાર્તાઓ ચાલે તેમ નથી.... ઠોસ કાર્યો સાથે કાર્યવાહી પ્રજાની મોટી માંગ છે.....!વંદે માતરમ્,

સ્વાસ્થ્ય પ્રાર્થના

હું સાજો થઈ ગયો છું..હું સ્વસ્થ થઇ ગયો છું..મારી જે પણ તકલીફો છે તે દૂર થવાની દિશામાં જઈ રહી છે દરેક ક્ષણ અને દરેક દિવસે મારુ શરીર તંદુરસ્ત થતું જાય છે.

હું રોજ રાત્રે સારી ઊંઘ લઈ રહ્યો છું.

હું હંમેશા આનંદમાં રહું છું.

હું હંમેશા સુરક્ષિત છું અને દૈવી શક્તિઓથી પ્રેરિત છું અને દૈવી શક્તિ જ મારું રક્ષણ કરે છે.

હું તંદુરસ્ત અને મુક્ત રહેવાનું પસંદ કરું છું. તંદુરસ્તીને હું મારા અસ્તિત્વના કુદરતી રૂપ તરીકે સ્વીકાર કરું છું.

મારી અંદર એવું કોઈ પણ તત્ત્વ હોય જે મારા શરીરમાં બીમારી કરી શકે તેને હું મુક્ત કરું છું.

હું ખૂબ જ શક્તિશાળી છું. મને ખૂબ જ શક્તિ ગમે છે.

હું અને મારા કુટુંબ ના સભ્યો ભગવાન ની કૃપા થી સ્વસ્થ છે.

હું સ્વસ્થ અને નિરોગી છું.

હું ભગવાનની સંપત્તિ છું. કોઈ પણ ખોટી શક્તિ મને સ્પર્શી શકશે નહી.

મારી આ દુનિયામાં બધું જ શ્રેષ્ઠ અને કલ્યાણકારી છે.

મને ખબર છે કે મારું ભવિષ્ય ખૂબ જ ઉજ્જ્વળ, આનંદિત અને સુરક્ષિત છે. કારણકે હું પરમ કૃપાળુ પરમાત્માનું એક પ્રેમાળ સંતાન છું. અને એ જ પરમાત્મા મારી અત્યારે સંભાળ રાખે છે અને ભવિષ્યમાં પણ સંભાળ રાખશે જ.

સરસ સ્વાસ્થ્ય માટે, હે ભગવાન તારો ખૂબ ખૂબ આભાર.

દિવસમાં ૨ થી ૩ વખત મોટેથી બોલવું.

ખૂબ જ પોઝિટિવ result મળશે.

હા, હું ગુજરાત છું.

દોસ્ત, હું ગુજરાત છું.

જેના મેળામાં રાજુડીનો ને'ડો લાગે છે એ ગુજરાત. જ્યાં રૂપની પૂનમ પાછળ પાગલ થઇ અફીણી આંખના ગીતો ઘોળાય છે, એ ગુજરાત. ઘોલર મરચાંના લાલ હિંગોળક રંગનું ગુજરાત. શિવતાંડવમાં પડેલા સતીના હૃદયને ગબ્બર પર સાચવીને બેઠલું ગુજરાત. ફળફળતાં ઢોકળાં જેવું નરમ અને માફાળા ગાડાની ધુંસરી જેવું નક્કર ગુજરાત.

હું સિકસર મારતી વખતે યુસુફ પઠાણના કાંડાની ફૂલી ગયેલી નસમાં રક્ત બનીને ધસમસું છું, અને પરેશ રાવલના ચહેરા પર અંકાતા રમતિયાળ સ્મિતમાં ઝગમગું છું. હું હેમુ ગઢવીના કસુંબલ કંઠનો અષાઢીલો ટહુકો છું અને કલ્યાણજીભાઇએ કલેવાયોલીન પર છેડેલી બીનની સર્પિલી તાન છું. કેડિયાની ફાટફાટ થતી કસોને તોડતો માલધારીનો ટપ્પો છું, અને દામોદર કુંડની પાળીએ ગિરનારી પરોઢના સોનેરી ઉજાસમાં કેસર ઘોળતું હું નરસિંહનું પ્રભાતિયું છું. ભારતની વાંકી રે પાઘલડીનું ફુમતું છું હું, ગુજરાત!

સમગ્ર પૃથ્વીના પટ પર માત્ર એક જ એવું હું રાજ્ય છું, જેણે બે રાષ્ટ્રોના રાષ્ટ્રપિતાઓ સર્જ્યા છે. મારા કાઠિયાવાડના પોરબંદરમાંથી ભારતના મોહનદાસ કરમચંદ ગાંધી અને મોટી પાનેલીમાંથી મોહમ્મદઅલી જીન્નાહ! મારામાં જગતના ઇતિહાસને પડખું ફેરવીને પલટાવી દેવાની તાકાત છે, અને તાનસેનના દિલ્હીમાં ઉઠેલા દાહને વડનગરમાં શમાવી દેવાની અમીરાત છે.

મારામાં ધરતીની છાતી ચીરીને નકશો કંડારનારા ઈન્દુલાલ યાજ્ઞિકો વસે છે, અને નકશાઓનો એકઝાટકે આકાર બદલાવી દેનાર સરદાર પટેલ પણ શ્વસે છે. ફિલ્ડ માર્શલ જનરલ સામ માણેકશાની જીભ પર મારી ભાષા હતી, અને ભારતભરમાં ક્રિકેટનો પાયો નાખનાર જામ રણજી મારી ગોદનું ફરજંદ હતો. મારા સંતાનો વિના ભારતના ફિલ્મ ટીવી યુગનું અસ્તિત્વ નથી. મહેબુબખાનથી મનમોહન દેસાઇ, આયેશા ટાકિયાથી હિમેશ રેશમિયા સુધી ગુજરાતની અહાલેક વાગે છે.

ભારતની છાતી પર પેદા થનારાઓને મારા ખોળામાં માથું મૂકીને દેહત્યાગ કરવો ગમે છે. કાલિંદીની પાણીદાર લટો સાથે અઠખેલિયા કરતાં ભારતવર્ષના યુગપુરૂષ ગોમતીના કિનારે છબછબિયાં કરવા અહીં આવીને વસ્યા. હા, કુરૂક્ષેત્રની વચ્ચે ગીતા સંભળાવનાર યોગેશ્વર અને શરદપૂનમની રાતલડીએ ગોપીઓને નચાવનાર મુરલીધરનું હું ઘર છું. હું હસ્તિનાપુરના સિંહાસનને ઘ્રુજાવનાર સુદર્શનચક્ર છું, અને દ્વારકાધીશના સુવર્ણકળશ પર ફરફરતી બાવન ગજની ધજાનો ઠસ્સો છું. ભારતની સૌથી લાંબી પદયાત્રા કરીને હિમાલયના ઉત્તુંગ ગિરિશિખરોમાં ટટ્ટાર ઉભા રહી, રામેશ્વરમના દરિયા કિનારે ચરણ પખાળી, નીલકંઠવર્ણી સ્વામી સહજાનંદ પણ મારા હૈયે આવીને વસ્યા, મારા થઇને વિકસ્યા.

હું આખા એશિયામાં સંભળાતી ગીરના સિંહની ખુમારીભરી ડણક છું અને એવા ડાલામથ્થા સાવજની કેશવાળીમાં આંગળીઓ ફેરવનાર આપા દાના જેવા સંતોના ભજનોની ચાનક છું. હું પરબવાવડીના ફડહ રોટલાની બાજરી છું અને જલારામ વીરપુરની બુંદીનું બેસન છું. મારી વીજળીના ચમકારે ગંગાસતીએ મોતીડાં પરોવ્યા છે અને મારી બળબળતી રેતી પર શ્વાનસંગાથે પાણી લઇ દાદા મેકરણ ઘુમ્યા છે. મધરાતે એકતારા પર ગુંજતા દાસી જીવણના ભજનમાં હું છું અને ભવસાગર હાલકડોલક થતી જેસલ જાડેજાની નાવડી તારવી જનાર સતી તોરલના કીર્તનમાં હું છું. મોરારિબાપુના કંઠે ગવાતી ચોપાઇ છું, અને રમેશભાઇ ઓઝાના કંઠે ગવાતા શ્રીનાથજી પણ! જમિયલશાહ દાતાર અને ગેબનશાહ પીરોની અઝાન પર ઝૂકતું મસ્તક પણ હું છું.

વ્હાલા, હું ગુજરાત છું.

મારી છાતી પર પ્રિયદર્શી અશોકના શિલાલેખ છે. પાવાગઢની ગોદમાં પડેલું યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટનું ચાંપાનેર છે. મારા કાળજેડે ધમધમતું લોથલ જેવું બંદર છે, અને સંસ્કૃતિના ટીબા નીચે અડીખમ ઉભેલું ધોળાવીરાનું નગર છે. મેં રાજા નૌસોરસ જેવા ડાયનાસોરના ઈંડાઓ સાચવ્યા છે, અને ગામેગામ ફિલ્મી શૂટિંગ થાય એવા રજવાડી મહેલો ખીલવ્યા છે. મારી ગુફાઓમાં બુદ્ધના ઓમ મણિપદ્મે હૂમનો ધીરગંભીર નાદ ગુંજે છે. મારી શેરીઓમાં નવકાર મંત્રની વૈશ્વિક પ્રાર્થનાનો સાદ ગાજે છે. મારી બર્થ સર્ટિફિકેટમાં રાજકીય ઊંમર ૫૦ની હશે, પણ મારી ઊંમર કેટલી છે એ મને ખુદને ખબર નથી.

મેં અણહિલવાડના વનરાજ ચાવડાને સિંહોની વચ્ચે ઉછરતો જોયો છે, મેં મૂળરાજ સોલંકીની તલવાર અને આશા ભીલના તીરકમાન જોયા છે. મને સિદ્ધરાજ જયસિંહે કાઢેલી મારી ભાષાના વ્યાકરણગ્રંથ 'સિદ્ધહૈમશબ્દાનુ શાસન'ની શોભાયાત્રા માટેની હાથીની એ ભવ્ય અંબાડી અને જસમા ઓડણની ચીસ પણ ફાંસ બનીને ભોંકાઇ છે, મારા દિલમાં. અહમદશાહના ઘોડાની ટાપ પણ મેં જીરવી છે અને મોહમ્મદ બેગડાની મૂછના વાંકડા વળ પણ મેં નીરખ્યા છે.

હું ઉચ્છંગરાય ઢેબરની ગાંધીટોપીમાં બેસીને હીચકતું બાળક હતું, અને જીવરાજ મહેતાના ખાદીના ઝભ્ભાના સળમાં ય હું લપાતું હતું. માધવસિંહ સોલંકીના સાહિત્યપ્રેમી ચશ્માની ફ્રેમ પર હું પગ લંબાવી બેઠું છું અને ચીમનભાઇ પટેલના ચળકતાં લલાટમાં મેં મારૂં પ્રતિબિંબ શોધ્યું છે. કેશુભાઇની ફાફડા- મરચાં સાથેની ચાની અડાળીના મેં ઘુંટ પીધા છે અને શંકરસિંહ બાપુની ટનાટન વાતોને બડી મુગ્ધતાથી સાંભળી છે અને હા, મારા આ ગોલ્ડન બર્થ ડે માટે જ જાણે મને નરેન્દ્ર મોદી મળ્યા છે. એમની દાઢી ને ગમ્મતથી ખેંચવી મને ગમે છે- અને એમને લીધે જ મારી આ ધમાકેદાર પાર્ટીના ગેસ્ટલિસ્ટમાં આખી દુનિયા છે. એમણે મને હવામાં ઉછાળીને ગેલની કિલકારીઓ કરાવી છે, અને સતત પહેરવા માટે નવા નવા 'વા-વા' આપ્યા છે.

અરે વાહ, હું ગુજરાત છું!

મારા અફાટ લાંબા સાગરકાંઠાને ખેડીને નાનજી મહેતાએ આફ્રિકા સર કર્યું છે, અને એ જ દરિયાના મોજાંની થપાટો ખાઇ ખાઇને ભારતની નંબર વન કંપની બનાવી જનાર ધીરૂભાઇ અંબાણીનો પિંડ ઘડાયો છે. અમેરિકન મેગેઝીનોમાં ચમકતાં અબજપતિ અઝીમ પ્રેમજી, તુલસી તંતી કે ગૌતમ અદાણીનું પણ હું વતન છું૫ અને મેં જ જતનથી નિરમા, કેડિલા, એલેમ્બિક, ટોરન્ટ, અજંતા, રસના, બાલાજી અને અફકોર્સ ટાટા જેવી બ્રાન્ડસના પારણા હીચોળ્યા છે. સુરતના હીરાની હું પાસાદાર ચમક છું અને પાટણના પટોળાંની આભલા મઢેલી ઝમક છું. રવિશંકર રાવળ અને કનુ દેસાઈની હું રેખાઓ છું. સપ્તકના તબલાની થાપ અને કુમુદિની-મૃણાલિનીના નૃત્યના ઠેકાઓ હું છું.

હું છું સર ભગવતસિંહજીના ભગવદગોમંડલના ફરફરતા પાનાઓમાં, હું છું સયાજીરાવ ગાયકવાડના પેલેસની દીવાલો પર મલપતાં રાજા રવિવર્માના ચિત્રોમાં! હું પગથિયા ઉતરૂં છું અડાલજની વાવમાં અને પગથિયા ચડું છું અમદાવાદની ગુફાના! લખતરની છત્રી મારા તડકાને ટાઢો કરે છે અને સીદી સૈયદની જાળી એ જ તડકાથી મારી હથેળીમાં જાણે મહેંદીની ભાત મૂકે છે. હઠીસિંગની હવેલીના ટોટલે ખરતું હેરિટેજનું પીછું હું છું અને ધોરડોના સફેદ રણમાં ચૂરચૂર થઈ જતું નમકનું સ્ફટિકમય ચોસલું હું છું.

ઇડરના કોતરો સૂસવાટા મારતો પવન પણ હું છું, અને નલીયામાં ઠરીને પડતું હિમ પણ! નવસારીના દાદાભાઈ નવરોજીની પારસી અગિયારીનો આતશ પણ મારો છે, અને ગોઘૂલિટાણે સોમનાથના શિવાલયમાં ઘંટારવ સાથે થતી આરતીની અગ્નિશિખા પણ મારી છે. મહાલના જંગલોમાં પાણીમાં ઠેકડાં મારતા આદિવાસી બાળકો મારા ધાવણથી ઉછરે છે, અને લાલ લાલ સનેડો ગાઈને ચ્યોં ચ્યોં જતા છોરા-છોરીઓ ય મારા ગાલે બચ્ચી ભરે છે.

ગોંડલના ફાફડા-ભજીયાના ટેસડા મારી જીભમાંથી ઝરે છે અને સુરતની રતાળુની પુરી ખાવાથી પડતો શોષ પણ મારા ગળે પાંગરે છે. હળવદના ચૂરમામાં રેડાતી ઘીની લચપચતી ધાર છું હું, વડોદરાની ભાખરવડી ખાધા પછીનો સીસકાર છું હું. ભાવનગરી ગાંઠિયામાં મરીનો દાણો હું છું, અને રાજકોટના સંચાના આઈસ્ક્રીમ પર મુકાયેલો ચેરીનો બોલ પણ હું જ છું. મેં જેટલા રસથી એકલવીર જોધા માણેક, દાના દુશ્મન જોગીદાસ ખુમાણની બહારવટાની શૌર્યકથાઓના ધૂંટડા ભર્યા છે, એટલા જ રસથી વલસાડની હાફૂસ અને જૂનાગઢની કેસરના અમૃતરસના પણ ધૂંટડા ગટગટાવ્યા છે. મારી થાળીમાં ષટરસ છે, મારા હોઠ પર પાનથી લાલ થયેલ તંબોળરસની લાલિમા છે, અને મારા ગલોફામાં ઝેરી ગૂટકાના ચાંદાની કાલિમા પણ છે.

મારે ત્યાં સ્વયમ નટરાજના અર્ધાંગિની પાર્વતીએ પૌરૂષના રૌદ્રરસ સામે પ્રકૃતિના લાસ્યરસ સમું શીખેલું નૃત્ય, અનિરૂધ્ધના પ્રેમમાં પડી કૃષ્ણના ઘેર સાસરે આવનાર કૈલાસશિખ્યા ઉષાએ રાસના સ્વરૂપમાં રોપ્યું છે. મોઢેરાના સૂર્યમંદિરના મૈથુનશિલ્પોમાં ઉપસતા ઉન્નત ઉરોજની પુષ્ટ ગોળાઈ પર લપસતી નજર છું હું! અને રાણકી વાવની શિલ્પાંગના તણા નિતંબે સરકતો કંદોરો છું હું! મારા હોંઠો પર વલસાડ પાસે જન્મેલા કામસૂત્રના ઋષિ વાત્સ્યાયને વર્ણવેલા ચુંબનની ભીનાશ હજુય તરવરે છે.

હું બ્રહ્મચારી યોગાચાર્યોની સનકમાં પણ છું, અને વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવ નવરાત્રિમાં હિલ્લોળ લેતી નવયૌવનાઓના સુંવાળી ત્વચા પર ઠુમકતી ઝાંઝરની ખનકમાં પણ છું! હું ભેંકાર રડીને લોહીના આંસુએ અગનવર્ષા કરતા માંગડાવાળાની અધુરી પ્રીત છું. હું શેણી માટે એક હજાર નવચંદરી ભેંસો એકઠી કરવા ગયેલા વીજાણંદના રાવણહથ્થા પર પીગળતું ગીત છું. ઓઢા અને હોથલનું આલિંગન છું હું, અને ખેમરો લોડણનું આકર્ષણ છું હું! મેં તાંબાવરણી છાતી કાઢીને બરડા જેવા ડુંગર ધમરોળતા મેર-આહીર જુવાનોની રૂંવાડે રૂંવાડે છલકતી મર્દાનગી જોઈ છે અને મારા ડેનિમ થકી જ ભારતભરની યુવતીઓની લચકતી ચાલ પર વીટળાતી બ્લ્યુ જીન્સની સિડક્ટિવ કાંચળી જોઈ છે. ભ્રૂણ હત્યાથી માત્ર દીકરી હોવાને લીધે ઘોંટાઈ જતા જીવનની ઘૂટનનો મૌન ચિત્કાર પણ હું છું.

ડાર્લિંગ, હું ગુજરાત છું!

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની મશાલમાંથી અંગારા લઈને અમેરિકા અજવાળનાર અને બિગ બેન ટાવરના ડંકા તળે ડંકો વગાડનાર એન.આર.જી. છું હું. વાયબ્રન્ટ મકરસંક્રાંતિના પતંગ ચગાવવા કરતા કાપવાનો વધુ શોક રાખનાર કાચપાયેલો માંજો છું હું. હું હજાર નંગ પુસ્તક નથી જીરવી શકતું પણ રોજ અડધો કરોડ અખબારી નકલો પચાવી જાવ છું! કણબીનું હળ છું, કસબીની હથોડી છું. હું હોળીની પીળી ઝાળ છું અને દીવાળીની સતરંગી રંગોળી છું. હું નર્મદના ડાંડિયે પીટાયેલા મારા આકારનો પોકાર છું. હું કાકાસાહેબ કાલેલકર અને ફાધર વાલેસનું સાસરિયું છું. હું મુનશીની અસ્મિતા છું અને મેઘાણીની રસધાર છું.

હું જુમા ભિસ્તીના દેહ પર વળેલો પરસેવો છું. દીકરીના કાગળની વાટ જોતા કોચમેન અલી ડોસાની આંખે નેજવું કરતી કરચલિયાળી હથેળી છું. પંગુ મંગુની અમરતકાકી માટે ઉઠતી ચીસ મેં સાંભળી છે. સંતુ રંગીલીની તળપદી ગાળો ય મારા કાને ઉઠી છે. કાળુ અને રાજુની આંગળી ઝાલીને મેં છપ્પનિયો ભોગવ્યો છે. સરસ્વતીચંદ્રની કુમુદસુંદરીનો ઘરસંસાર ડોકિયાં તાણીને જોયો છે. જાણી જાણીને ઝેર પીધાં પછી યે મેં અમૃતાનું આચમન કર્યું છે. પ્રોફેસર કોનારક શાહ ક્યાંક લીલા અંધકારમાં જટાયુ બની મારા અક્ષરદેહ ફરતે ચકરાવો લે છે. ઉપનિષદના અસ્તિત્વનો ઉત્સવ ક્યાંક રાતદિવસના રસ્તે પ્રેમ કરતા વ્હાલમની જેમ મને જડી જાય છે. મારા ખભે શિયાળાની સવારનો તડકો કૂદાકૂદ કરે છે. હું ધરતીની આરતી ઉતારૂં છું. હું સત્યના પ્રયોગોનો ચરખો છું, અને માણસાઇના દીવાનો તણખો છું. ક્ષિતિજ અને કુમારના પીળા પડી ગયેલા પાનાઓને કોરી ખાતી ઉધઈ પણ હું જ છું.

મિયાં ફૂસકીની ટોપી અને ગલબા શિયાળની જામફળની ટોપલી યે મારી જ હતી. બકોર પટેલના હાથ પર પડતી વાઘજીભાઈની હું તાળી છું. મેં અનુભવી છે પીળા રૂમાલની ગાંઠની ભીસ, સેના બારનિશની ચુસ્ત છાતીએ સંપુટ આપનારી મારી હથેળીના સળ ઉઠેલા છે. નૌતમલાલની ચાંદીની મૂઠવાળી લાકડીની ઠક ઠક મને હજુ સંભળાય છે. છ અક્ષરના નામમાંથી ઉઠેલો ત્રણ અક્ષરના નામનો સોનલવરણો પોકાર મારા કાળજે ત્રોફાય છે. મોબાઈલની કોલર ટયુનમાં નયનને બંધ રાખીને ગઝલ સંભળાય ત્યાં હું રણકું છું. પન્નાભાભી જાય છે, પણ આભડછેટ જતી નથી એ વિચારે હું ઝબકું છું. ઉપેન્દ્ર ત્રિવેદી-રમેશ મહેતાનો લહેકો પણ હું છું અને કાંતિ મડિયા- સિધ્ધાર્થ રાદેરિયાનો રંગીલો ચટકો પણ હું છું. હું તોફાની ટપુડો છું, હું તુલસી વિરાણી છું, મારે ત્યાં કંકુ ખરે ને સૂરજ ઉગે છે, અને મારી આંખે કંકુના સૂરજ આથમે છે.

હા, હું ગુજરાત છું.

મારો બર્થ ડે છે, છતાં ય મને કેમ કોઈ ગંદકીથી દૂર નિર્મળ રાખતા નથી? કેમ મારા આખા ય શરીરની નસેનસમાં પડી ગયેલા ખાડા પુરાતા નથી? હજુ ય હું ફફડું છું કે કોઈ લુખ્ખો મવાલી દાદાગીરીથી મારી કેક પરથી મીણબત્તીઓ ચોરી જશે અને પોલીસ એફઆઈઆર પણ નહીં નોંધે તો? આટઆટલી રમણીયતા પછી શું મારે રમખાણોથી જ ઓળખાવાનું છે? ચકલીને ય ન સાચવી શકનાર મારા ગુજરાતીઓ મને સાચવશે? કે પછી ગૌમાતાની વંદના કરી ગાયનું દૂધ જ ન પીવા જેવો દંભ કરશે? ક્યાં સુધી મારા ગૌરવને બદલે જ્ઞાતિના ગર્વ જ સાંભળી મારે માથું દુખાડવું પડશે? ક્યારે હું અંકિત ફડિયા કે ગીત શેઠી પરફોર્મન્સથી ઓળખાઈશ અને માત્ર એમના બેક બેલેન્સથી નહિ? ક્યારે મારી આંખો ઠારનાર ઉડતા પતંગિયા જેવા મારા ખરા સ્વર્ણિમ ભવિષ્ય જેવા યુવક યુવતીઓને પ્રેમ કરવા, આનંદ કરવા, સત્ય શોધવા માટે મોકળું મેદાન અને અનંત આકાશ મળશે?

રિમેમ્બર, હું એડજસ્ટેબલ છું, ફ્લેક્સીબલ છું અને એટલે જ મોડર્ન એન્ડ પ્રોગ્રેસિવ છું. વેપાર મારી આવડત છે, નબળાઈ નથી. જવાહરલાલથી જીન્નાહના વેવાઈઓ મારી ભાષા બોલ્યા છે. મેં દેશને પહેલા બિનકોંગ્રેસી વડાપ્રધાન મોરારજીભાઈ આપ્યા છે. અને આખી દુનિયામાં, આખા દેશમાં જ્યારે કોઈ પણ રિઝર્વ બેંકની નોટને હાથમાં પકડશેપ

પત્યારે એને એના પર એક ગુજરાતીનું બોખું સ્મિત જોવા મળશે. અત્યાર સુધીમાં મેં પેદા કરેલા સર્વશ્રેષ્ઠ ગુજરાતીનું!

જ્યાં હું છું, ત્યાં સદાકાળ ઉત્સવ છે,હું નર્મદા તીરે વિસ્તરેલો કબીરવડ છું. હું બોસ છું.

બાપુ, હું ગુજરાત છું.

૨ મે, વિશ્વ હાસ્ય દિવસ.

હાસ્ય થેરાપી અપનાવવી.હાસ્ય એ સસ્તામાં સસ્તી દવા છે.

જાન્યુઆરી ઈ.સ ૧૯૯૮માં ડૉ.મદન કટારીયા દ્વારા મુંબઈમાં વિશ્વ હાસ્ય દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. હાસ્ય એક યોગની જેમ વ્યક્તિને ઊર્જાવાન બનાવવાની સાથે સમાજમાં શાંતિ, ભાઇચારો અને સદભાવના વધે એ સાથે તેવા ઉદ્દેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં ખુશહાલી ફેલાવવા માટે દર વર્ષે મેના પહેલા રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ હાસ્ય દિવસ ૨ મે, ૨૦૨૧ ના રોજ મનાવવામાં આવશે. ડૉ.મદન કટારીયા પોતાના એક અનુભવમાં જણાવે છે કે હાસ્ય અસરકારક દવા છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલી એક વાત કરું, આંધ્રપ્રદેશમાં વિશ્વમોહન નામના એક વ્યક્તિ હતા. તે હાસ્ય યોગથી જોડાયા પહેલાં તેમને લગભગ દરેક

પ્રકારની બીમારી હતી, અને તે હસનાર વ્યક્તિઓથી ખૂબ જ ચીડાતા હતા. એક વખત મારા લાફટર ક્લબના મેમ્બરે તેમને અમારા ક્લબમાં બોલાવ્યા તો તે શરૂઆતમાં તો મન વિના આવતા હતા, પરંતુ ક્લબમાં આવ્યાં બાદ છેલ્લાં ૨૦ વર્ષમાં જે બદલાવ ન આવ્યો તે બદલાવ છ મહિનામાં જ દેખાવા લાગ્યો. તેમની હેલ્થ વધુ સારી થતી ગઇ. તે રોજ ઘણી દવાઓ લેતા હતા. પરંતુ છેલ્લા છ મહિના બાદ તેમની દવાઓની સંખ્યામાં ઘટાડો થતો ગયો. હસવું એ એક ઉપચારનું સૌથી સુખદ સ્વરૂપ છે. તેમાં ફક્ત તમારા આત્માને જ નહીં પણ તમારા શરીરને પણ સાજા કરવાની શક્તિ છે. તે આખા શરીરને આરામ આપવાની સાથે શારીરિક તાણને દૂર કરે છે અને રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે. તે પીડા, તાણ અને સંઘર્ષ માટેના મારણનું કામ કરે છે. તમે કદાચ આ વાક્ય સાંભળ્યું હશે, 'હાસ્ય એ શ્રેષ્ઠ દવા છે.' જ્યારે પણ તક મળે ત્યારે હસો, જ્યારે લોકો તમને રમૂજી દેખાવ આપે ત્યારે પણ હસવાનું બંધ ન કરો. હાસ્ય એ વૈશ્વિક ભાષા છે. તે આશાને પ્રેરણા આપે છે, તમને અન્યથી જોડે છે. એ ગુસ્સો મુક્ત કરવામાં અને વહેલા માફ કરવામાં મદદ કરે છે. ફક્ત એક સરળ સ્મિત અથવા સહેજ હરકતો એ આસપાસના વાતાવરણ અને મૂડને સંપૂર્ણપણે બદલી શકે છે. હાસ્યમાં રૂઝ આવવા અને નવીનીકરણ કરવાની શક્તિ છે. એક અંદાજ મુજબ દિવસમાં ૧૫ મિનીટ હસવાથી ૯૨% બીમારીઓથી રાહત મળે છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલ પ્રક્રિયા છે. જે વ્યક્તિ જીવનમાં હાસ્યનું મહત્વ સમજીને તેને યોગ,પ્રાણાયામની માફક જો હાસ્ય થેરાપીને જો પોતાના જીવનમાં ઉતરશે તો ઘણા ખરા રોગોથી બચી શકાય છે. વર્તમાન સમયમાં તો કોરોનાનાં કારણે ચારેય દિશાઓમાં ફેલાયેલ નકારાત્મકતા અને ડરને દુર કરવા માટે આ થેરાપી માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે મદદરૂપ નીવડી શકે છે.

હસતે હસતે, કટ જાયે રસ્તે...

ઝીંદગી યું હી ચલતી રહે.

મિત્તલ ખેતાણી

**કોરોના જેવા રોગને રોગ રેહવા દો,વિચાર ન બનાવો. હાલ ની કોરોના વાઈરસ સંક્રમણ ની વ્યાપક પરીસ્થીતી ને અનુસંધાને સંપૂર્ણ SSCCM ને વૈદિક વિજ્ઞાન ના આધારે ડો.ઓમ ત્રિવેદી સંશોધીત યજ્ઞ થેરાપી દ્વારા વિશીષ્ટ પ્રકારે વાતાવરણને શુધ્ધીકરણ કરવા સાથે હકારાત્મક ઉર્જાના સંચાર માટે મેડીસીનલ સ્મોક (હવન ના ધુમાડા) થી SSCCM ને સેનીટાઈઝ (વાતાવરણ માં ફેલાયેલ તમામ પ્રકારના વાઈરસ જીવાણુ ના નાશ માટે) કરવાનો પ્રયોગ કરવામાં આવેલ છે, જે યજ્ઞ થેરાપીના મેડીસીનલ સ્મોક માં ૭૨-પ્રકારની ઔષધીયુક્ત હવન સામ્રગી નો ઉપયોગ કરી મેડીસીનલ સ્મોક (હવન ધુમાડા) દ્વારા SSCCM તથા દરેક જગ્યાને સેનીટાઈઝ કરવામાં આવેલ.આ કાર્ય માટે યજ્ઞથેરાપી ના સંશોધક અને યજ્ઞયાત્રા વિચાર ના જન

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૬ ગદ્ય રચના રજૂ કરવામાં આવે છે. (આ વિષય નો છેલ્લો દિવસ)

વિષય : રામાયણ ના પાત્રો વિષયક રચનાઓ - .દિવસ - ૬

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

ન્યૂઝ પોર્ટલ : ઙ્ઘanfariyanews

વેબ સાઈટ : janfariyadnews

NOG SS No ; 0079

વિષય રામાયણનું પાત્ર

શીર્ષકઃ સીતા-રામ

પ્રકાર : ગદ્ય

રામને 'રામલ્લ બનવા માટે 'સતી સીતાલ્લનો સહારો સાંપડ્યો હતો. એમાં અતિશયોક્તિ નથી. જો સીતાએ પોતાનું ગૌરવ ન જાળવ્યું હોત તો રામ," મર્યાદા પુરુષોત્તમ "નું બિરુદ મેળવી શક્યાં ન હોત .

રાજા દશરથે રામને વનવાસનો આદેશ આપ્યો . સીતા શા માટે વનમાં ગઈ. સીતાએ વિચાર્યું , ત્રણ સાસુ સાથે રહેવું તેના કરતા વનવાસ અને વલ્કલ શું ખોટાં ?

રાવણને ત્યાં પવિત્રતા જળવાઈ હતી, છતાં રામની આમન્યા જાળવી . અગ્નિ પરીક્ષા આપી. રામ સત્યથી વાકેફ હતા પહેલી વખત મા બનવાનાં સમયે પતિની આજ્ઞાનું પાલન કર્યું. શું સીતા તેનો અનાદર ન કરી શકી હોત ?

૨૧મી સદીમાં શું આ શક્ય બને ? રામને મહાન કહેતા પહેલા સો વખત વિચાર કરજો ! આજની તારીખમાં 'સીતારામલ્લ બોલાય છે.

અરે! રામે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે સીતાની પ્રતિમા બાજુમાં બેસાડી હતી. લગ્નના પવિત્ર બંધનમાં બંધાયેલા પતિદેવે સીતાની પતિ ભક્તિને શિરોમાન્ય કરી.

કોઈ પણ પુરુષના ઉત્કર્ષમાં પત્ની સહભાગી બને છે. પછી ભલેને એ પુરુષ 'રામ પણ કેમ ન હોય !

પ્રવિણા કડકિયા

NOG SS No:: 0087

વિભાગ ::ગદ્ય

વિષય ::રામાયણનું કોઈપણ પાત્ર

શીર્ષક ::લક્ષ્મણ

ભગવાન વિષ્ણુએ જયારે શ્રીરામના રૂપમાં રાજા દશરથના ઘરે જન્મ લીધો ત્યારે જ શેષનાગે પણ રામનાં નાના ભાઇ લક્ષ્મણ તરીકે જન્મ લીધો. રાણી સુમિત્રાના પુત્ર લક્ષ્મણ સૌમિત્ર, રામાનુજ, સુમિત્રાનંદન વગેરે નામોથી પણ ઓળખાય છે. લક્ષ્મણને નાનપણથી જ પ્રભુ રામ પ્રત્યે વિશેષ પ્રેમભાવ હતો. રામ જ તેમનાં માટે માતાપિતા, ગુરુ, ભાઈ બધું હતાં અને શ્રીરામની આજ્ઞાનું પાલન જ એમનો મુખ્ય ધર્મ હતો. તેઓ પડછાયાની જેમ રામની સાથે રહેતા હતાં. કોઈપણ પ્રભુ રામ વિષે અપમાનજનક બોલે તે તેમનાથી જરા પણ સહન થતુ નહી. શાંત, ગંભીર, સહનશીલ શ્રીરામના સ્વભાવથી વિપરીત લક્ષ્મણ ક્રોધી હતાં.મંદિરમાં રામ-સીતા ની સાથે લક્ષ્મણની પણ પૂજા થાય છે.

ચૌદ વર્ષનો વનવાસ રામને મળ્યો હતો છતાંય લક્ષ્મણ રામ ની સેવા કરવા માટે પત્નીથી દૂર, રાજમહેલનાં સુખ ત્યજીને તેમની સાથે વનમાં ગયા.

વનવાસ દરમિયાન લક્ષ્મણ રામસીતાની કુટિર બહાર પહેરો ભરતા હતાં. દિવસ-રાત પ્રભુની સેવા કરવા માટે લક્ષ્મણે નિંદ્રાદેવી પાસે ચૌદ વર્ષ નિંદ્રામુક્ત રહેવાનું વરદાન માંગ્યું હતું.

પંચવટીમાં શૂર્પણખા રાક્ષસી જયારે સીતાને મારવા જાય છે ત્યારે લક્ષ્મણ ક્રોધિત થઈને તેના નાક -કાન કાપી નાંખે છે.

સ્વર્ણ મૃગની લાલચમાં સીતા રામને મૃગ પાછળ મોકલે છે. ઘણો સમય પીછો કર્યા બાદ રામ મૃગને બાણ મારે છે ત્યારે તે માયાવી રામના અવાજમાં લક્ષ્મણને પોકારે છે. રામની આજ્ઞાનું પાલન કરતા લક્ષ્મણ ત્યાં જ સીતા પાસે ઊભા હોય છે ત્યારે રામનો અવાજ સાંભળી વ્યાકુળ સીતા લક્ષ્મણને કડવાં વેણ કહે છે.ત્યારે લક્ષ્મણ પોતાની શક્તિથી કુટિરની ચારે બાજુ લક્ષ્મણરેખા બનાવે છે અને સીતામાતાને તે લાંઘીને બહાર ન આવવાનું કહે છે.સીતા લક્ષ્મણરેખા ઓળંગે છે. રાવણ સીતાને ઉપાડીને લંકા લઈ જાય છે.

સીતાની શોધમાં ફરતી વખતે વનમાં સીતાના આભૂષણ મળે છે. રામ લક્ષ્મણને પૂછે છે, "આ સીતાના આભૂષણ ઓળખ્યાં ?"ત્યારે લક્ષ્મણ કહે છે, બીજાં આભૂષણો વિષે મને ખબર નથી પણ પ્રતિદિન ચરણ સ્પર્શ કરતી વેળા માતાનાં ઝાંઝર મેં જોયાં છે.

રામ રાવણ વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. યુદ્ધ દરમિયાન લક્ષ્મણ મૂર્છિત થઇ જાય છે ત્યારે વૈદ્ય સુશેનની સલાહથી હનુમાન પવનવેગથી ઊડીને સંજીવની બુટી લાવ્યાં અને લક્ષ્મણનાં પ્રાણ બચાવ્યા.

રાવણનાં વધ પછી સીતા મુક્ત થાય છે ત્યારે પ્રભુ રામ લક્ષ્મણને અગ્નિ પ્રગટાવવા કહે છે જેથી સીતા અગ્નિપરીક્ષા આપે. આ સાંભળીને જીવનમાં પહેલીવાર લક્ષ્મણ રામ પાર ક્રોધિત થાય છે. માતા સીતાના ચારિત્ર પર સંદેહ કરવા માટે રામ વિરુદ્ધ વિદ્રોહ કરે છે. પછી સત્ય હકીકત જાણતાં તેમનો ક્રોધ શાંત થાય છે.

ચૌદ વર્ષનો વનવાસ પૂરો થયા પછી શ્રીરામનો રાજ્યાભિષેક થાય છે. ત્યારબાદ સંજોગવશ રામ સીતાનો ત્યાગ કરે છે. રામના આદેશને લીધે લક્ષ્મણ સીતાને વનમાં મૂકી રડવા લાગે છે. સીતામાતાને પોતાનો પુત્ર માની સેવા કરવા, સાથે રહેવા દેવા વિનંતી કરે છે. ત્યારે માતા સીતા સીતારેખા દોરે છે અને તેને પાર ન કરવાનો આદેશ આપે છે. લક્ષ્મણ ભારે હૈયે પાછાં ફરે છે.

સમય વીતે છે. લક્ષ્મણને ત્યાં બે પુત્રો અંગદ, ચંદ્રકેતુનો જન્મે છે.

પ્રભુ શ્રીરામનો પૃથ્વી નિવાસનો સમય પૂર્ણ થવાનો હોય છે ત્યારે લક્ષ્મણનું એમનાથી પહેલાં જવું આવશ્યક હોય છે.યમરાજ પ્રભુ રામ સાથે આ વિષયમાં વાત કરવા આવે છે ત્યારે લક્ષ્મણને દ્વાર પર પહેરો આપવાનું કહેવામાં આવે છે. કોઈપણ અંદર આવશે એને મૃત્યુદંડ આપવો એવું નક્કી થાય છે. તે જ સમયે ઋષિ દુર્વાસા રામને મળવાની જીદ્દ કરે છે, નહીતર અયોધ્યાને શ્રાપથી ભસ્મ કરશે એવું કહે છે.અયોધ્યાને બચાવવા લક્ષ્મણ રામની આજ્ઞા વિરુદ્ધ તેમનાં ખંડમાં પ્રવેશ કરે છે. લક્ષ્મણને જોતાં જ યમરાજ જતાં રહે છે. રામની આજ્ઞાનું ઉલ્લંઘન થયું તેથી લક્ષ્મણને મૃત્યુદંડ આપવાનું નક્કી થાય છે. હનુમાનની સલાહથી રામ લક્ષ્મણનો ત્યાગ કરે છે. શાસ્ત્ર પ્રમાણે કોઈ સજ્જન વ્યક્તિનો ત્યાગ એ મૃત્યુદંડ સમાન જ હોય છે.ભાઇ શ્રીરામના દ્વારા ત્યાગ કરવામાં આવતાં લક્ષ્મણ માટે જીવવાનું કોઈ કારણ રહેતું નથી. અયોધ્યાની પાસે સરયૂ નદીમાં તેઓ જલસમાધિ લે છે અને પોતાના ધામ વૈકુંઠ જતાં રહે છે. થોડાં દિવસો પછી શ્રી રામ પણ એ જ નદીમાં સમાધિ લઇ વૈકુંઠ પહોંચી જાય છે.

વંદના દયાળ (સુરત)

NOG SS No.0073

વિષય.. રામાયણનું પાત્ર,

પ્રકાર.. ગદ્ય

શીર્ષક.. ઊર્મિલા.

રામાયણનાં બધાંજ પાત્રો ખૂબજ મહાન છે .દરેકની પોતાની આગવી એક છાપ છે,જેમાં દરેક પાત્ર છવાઈ જાય છે,બસ એક પાત્ર એવું છે જેણે મૂંગા મોઢે પોતાનો કોઈપણ જાતનો વિરોધ નોંધાવ્યા વગર પોતાના પતિને રામ સાથે જવાની મંજૂરી આપી છે.

ઉર્મિલા લક્ષમણની પત્નિ જેણે પોતાનાં પતિને બાર વર્ષ સુધી રામ સાથે સેવામાં મોકલી પોતે પતિ વગર રહી જ્યારે સીતાજી બાર વર્ષ પછી અયોધ્યા પાછાં આવે ત્યારે દરેક એમનું સ્વાગત કરે છે તેમાં એક સુકાયેલી કાયાવાળી શુષ્ક ચેહરાવાળી

સ્ત્રીને જોઈ સીતા પૂછે છે," તમે કોણ છો?"ત્યારે ઉર્મિલા કહે છે," જેનો પતિ બાર વર્ષ સુધી જેની સેવામાં રહ્યો તેની પત્ની છું,જેનો પતિ હોવા છતાંય ભર જુવાનીમાં એની સાથે ના હોય એનો ચહેરો ખીલેલો ક્યાંથી હોય!"" ઊર્મિલા તું!! હા દીદી હું તમે વનમાં પણ પતિ સાથે રહ્યાં ને હું મહેલમાં પણ પતિ વગર રહી,ચહેરાની લાલી તો પતિ સાથે હોય એની હોય પણ દીદી તમારું બલિદાન એ બલિદાન કહેવાયું ને મારી નોંધ પણ ના લેવાઈ કારણ મેં મહેલોમાં એકાંતવાસ ગુજાર્યો છે."

સીતાજીની આંખમાં આંસુ આવી ગયાં. "પોતાની બહેન આટલી સમજદાર કે પોતાઊના સુખનો વિચાર કર્યા વગર પોતાના પતિને મારી સેવામાં મોકલ્યાં!" બંને મહાન પણ, ઊર્મિલાનો ઉલ્લેખ હજુ પણ કોઈ રીતે અગ્રસ્થાને હોય એવો કોઈ ઈતિહાસ નથી.

નયના પટેલ.નેન,વડોદરા.

NOG SS No - 0042

વિભાગ-ગદ્ય

પ્રકાર-લઘુકથા

વિષય-રામાયણના પાત્રો

શીર્ષક-આધુનિક ઊર્મિલા

'ઘરેથી ચાલ્યા ગયા છે'

પ્રિય લખન જ્યાં હોય ત્યાંથી ઘરે આવી જા. આપણાં પર આવી પડેલી મુશ્કેલીમાં હિંમતભેર એકબીજાનાં સથવારે લડી લઈશું બસ, તું આવી જા. બાળકો અને મમ્મી-પપ્પા તને યાદ કરી ખૂબ રડી રહ્યાં છે.લિ. તારી રાહ જોતી ઊર્મિ.

છાપાંમાં આપેલી આ જાહેરાતને આજે ચૌદ વર્ષ થયાં પણ હજી લખનનો પતો મળ્યો નહોતો. રોજ ઓફીસ જવા તૈયાર થતી વખતે, ડ્રેસિંગ ટેબલનાં ડ્રોવર માંથી મૂકી રાખેલાં આ છાપાનાં કટીંગને વાંચી એક આશા સાથે પરત મૂકતી.

" ઊર્મિ બેટા ટિફિન તૈયાર છે અને આજે વહેલી આવજે,મારે હોસ્પિટલમાં રૂટિન ચેકપ માટે જવાનું છે". એમ કહી કૈકેયીબેન પણ સજળ નેત્રે ત્યાંથી નીકળી ગયા. ઊર્મિની આ રોજની ક્રિયાથી તેઓ પણ અજાણ નહોતાં, પણ શું કરે?

ટિફિન હાથમાં લઈ ફટાફટ દાદરા ઉતરતી ઊર્મિ પણ મનોમન બોલી પડી" રામાયણની ઊર્મિલાને તેનાં લક્ષ્મણ ચૌદ વર્ષે મળી ગયાં હતાં પણ મને?એ કદાચ મહેલમાં સુરક્ષિત પણ હું?કેટલું બચાવું મારી જાત ને!દુનિયાથી !કશું અજુગતું થશે તો?હજી મોડું નથી થયું,પ્લીઝ લખન આવી જા".

રામાયણની ઊર્મિલાને લોકો તેના ત્યાગ અને બલિદાનને કારણે આજે પણ યાદ કરે છે,પણ પોતાની જાતને સુરક્ષિત રાખી, આખા પરિવારને સંભાળતી આ આધુનિક ઊર્મિને કોણ યાદ કરશે!જેનાં લખનની આવવાની અવધિ પણ નિશ્ચિત નથી.

પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર.

NOG SS No:,0019

વિષય.. રામાયણનું કોઈ પણ એક પાત્ર

શીર્ષક... હનુમાન એક કવચ

રામાયણનાં અનેક પાત્રો છે, પણ સૌથી મનગમતું પાત્ર એટલે રામભક્ત હનુમાનજી. જેમનાં માટે શ્રી રામે કહેલું, મિત્ર, તમારૂં ઋણ ચૂકવવા મારાં પ્રાણ પણ ઓછાં છે. હજુ લોકોને એવી શ્રદ્ધા છે કે જયાં રામકથા હોય ત્યાં હનુમાનજીની હાજરી હોય જ!

માતા અંજનાજી અને પિતા કેસરીનું તેજસ્વી સંતાન. એમને ભૂખ લાગતાં સૂર્યને ફળ સમજી એની નજીક ગયેલાં. રાહુ અને હનુમાનજી બંને સાથે હતાં. એટલે ઈન્દ્ર દેવે એમનાં પર પ્રહાર કરતાં એમની હડપચી પર વાગ્યું અને હનુમાન નામ પડ્યું.

એમની પૂજા સિંદૂર અને તેલથી થાય છે. એની પણ રોચક વાત છે. વનવાસ દરમ્યાન સીતા માતા પોતાનાં સેંથામાં સિંદૂર લગાવતાં હતાં, ત્યારે હનુમાનજીએ પૂછ્યું," મા, આ શું કરો છો?" સીતાજી કહે," આનાથી રામ પ્રસન્ન થાય છે." આટલું સાંભળીને એમણે પોતાનાં આખાં શરીરને સિંદૂરથી રંગી નાંખ્યું. હનુમાનજીએ શનિદેવને પણ પરચો બતાવેલો અને એની પાસેથી પણ વચન લીધું કે ભગવાનનાં ભક્તોને કદી પરેશાન ન કરતાં. શનિદેવને વેદના થવાથી તેલ માંગ્યું અને હનુમાનજીએ તેની વેદના શમાવી. આથી તેલ ચડાવવાની પ્રથા થઈ. હનુમાનજી દરેક ભક્તોને મનોવાંછિત ફળ આપે છે. શ્રી રામે એમનાં માટે સુંદરકાંડમાં અનન્ય વર્ણન કરી એમને પોતાનાં હૃદયમાં સ્થાન આપ્યું. સીતાજીની શોધ કરી રામને અને સીતાજીને છાતી ચીરી જગતને ભક્તિ ભાવનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપ્યું. શનિવારે અને મંગળવારે એમની પૂજા કરાય છે. આ એક જ પાત્ર એવું છે કે જે રામાયણ અને મહાભારતમાં અર્જુનનાં રથ પર જોવામાં આવ્યું છે. ભારતભરમાં એમનાં મંદિર આવેલાં છે. પ્રેમ, ત્યાગ,કરુણાની મૂર્તિ એટલે હનુમાનજી મહારાજ. સુંદરકાંડનું પઠન ભાવાર્થ સાથે કરીએ ત્યારે એમનાં વિરાટ દર્શનનો અનુભવ થાય છે. મનને પરમ શાંતિનો અનુભવ થાય છે.

આજની વિકટ સ્થિતિમાં એકવાર પાઠ કરવો ઉત્તમ છે.દુઃખ દર્દ દૂર કરવા આ એક અમોઘ કવચ છે.

દિન દયાળ બિરીન્દુ સંભારી...
હરહુ નાથ મમ્ સંકટ ભારી,
એક એક ચોપાઈ અનુપમ છે. રામનાં પરમ ભક્ત કે એમને કોઈ લાલચ પણ નથી સ્પર્શ કરતી.
જય મારુતિ નંદન,, જય હનુમાન.

કલ્પનાબેન ત્રિવેદી,સુરેન્દ્રનગર

NOG SS NO.0081

વિષયઃ રામાયણનું પાત્ર

પ્રકાર : ગદ્ય

શીર્ષક : નિષાધરાજ ગુહ

શબ્દો : ૩૦૦

રામને પાછાં લાવવાં

ચિત્રકુટ જતાં ભરત સેના સાથે નિષાધરાજનાં રાજ્યમાં વિરામ લેવા રોકાયાં.

અયોધ્યા મંત્રી સુમંત્રો કહ્યું," શૃંગવેરપુરમાં વસનારા ભીલ લોકોનાં રાજવી ગુહ તમને મળવા આવ્યાં છે. એ ચિત્રકૂટ સુધીના શ્રીરામનાં સઘળાં વૃત્તાંતને જાણે છે. રામનાં એ પરમ મિત્ર છે." એ સાંભળી ભરત રથનો ત્યાગ કરી નીચે ઉતર્યાં અને ગુહરાજાને કહ્યું, "તમે મારાં રામની ઘણી સેવા કરી છે.મારે સ્વયં તમારી પાસે આવવું જોઈએ."

ગુહરાજાએ ભરતની વૃત્તિની પરીક્ષા કરવા માટે ત્રણ આહારની યોજના કરી હતી.પણ ભરતનું નિર્ગુણ સ્થિતિમાં અહર્નિશ રામ સ્મરણમાં ધ્યાન લાગેલું હતું.ભરતે શત્રુઘ્નને કહ્યું,"ભાઈ, પશુ-પંખી કે માછલી ,મિષ્ટાન્ન પાછાં આપી દો.રામના પ્રિય એવા ગુહરાજની ભેટ સ્વીકાર્ય જ.માત્ર ફળ ફૂલ .મારાં રામે પણ ફળફૂલ જ ખાધાં હશે."

ભરતે ગુહરાજને કહ્યું ,"નિષાધપતિ, તમે આ વિશાળ સેનાનું સ્વાગત કરવા ચાહો છો.પણ અમારે ત્વરાથી ચિત્રકૂટ પહોંચવું છે.અમારો માર્ગ ઘણો ભૂલભૂલામણો છે.તમે કહો કે આ પાવન ભાગીરથીને પાર કરીને અમે કઈ રીતે જલદી પહોંચીએ."

ગુહરાજે કહ્યું, ''રાજકુમાર,તમે માર્ગદર્શકની ચિંતા સેવશો નહીં. ભોમિયાઓની સાથે હું પણ આવીશ, એટલે તમને માર્ગ વિશે કોઈ ચિંતા નહીં રહે."

ભરતે કહ્યું, "હવે અમે જલદી ચિત્રકૂટ પહોંચી જઈશું. મારી વિશાળ સેનાને માર્ગમાં કશી મુશ્કેલી નહીં પડે." 'વિશાળ સેના' શબ્દો સાંભળતાં જ ગુહરાજે ભરતને પ્રશ્ન કર્યો, "રાજપુત્ર,આપ ચિત્રકૂટ રામનાં દર્શન કરવા માટે જાઓ છો કે પછી રામની સાથે યુદ્ધ કરવા ? અયોધ્યાનું રાજસિંહાસન તમને મળ્યું છે, તે સદાકાળ તમારું જ રહે, એવી ભાવના છે આપની?આપ મારી શંકાનું સમાધાન કરો." શંકા સાંભળી ગદ્‌ગદિત કંઠે ભરતે કહ્યું,"હે રામમિત્ર,તમને આવી શંકા જાય તે સહજ છે. પણ સત્ય તો એ છે કે અયોધ્યાની ગાદી ઉપર શ્રીરામ જ શોભે. આથી ચિત્રકૂટ જઈને રામનો રાજ્યાભિષેક કરીને અયોધ્યા લાવી રાજસિંહાસન પર બિરાજમાન કરવાની મારી ભાવના છે. રાજનીતિના નિયમ પ્રમાણે રાજ્યાભિષેક સમયે રાજાને સિંહાસન અને ચતુરંગિણી સેના બંને અર્પણ થાય છે.એથી આ ચતુરંગિણી સેના મારી સાથે છે.રોમેરોમમાં રામ વસે છે ,મારે બીજું શું જોઈએ?"

ભરતનાં વચનો સાંભળીને ગુહરાજા અત્યંત હર્ષિત થઈ ઊઠ્યાં.

માયા દેસાઈ,મુંબઈ ભારત.

પારસીઓને શત શત નમન

ચાળુ, કર્મઠ અને ભારતમાં માત્ર ૦.૦૦૦૦૦૦૦૦૦૦૧% જનસંખ્યા વાળા પારસીઓને સમર્પિત ????

દરેક ભારતીયોને આપ પારસીઓ પર ગર્વ છે....

કોવીડ વેક્સીન બનાવવાવાળી કંપની 'સીરમ' એક પારસી ઉદ્યોગપતિની છે. જેમનું નામ છે "આદાર પુનાવાલા".

આદાર પુનાવાલાએ બોમ્બે પારસી પંચાયતને ૬૦,૦૦૦ વેક્સીનની ઓફર કરી હતી!!એટલા માટે કે પારસીઓને પેહલા વેક્સીન લાગી જાય. પરંતુ, બોમ્બે પારસી પંચાયતના અધ્યક્ષ અને પ્રખ્યાત ઉદ્યોગપતિ "રતન ટાટા"એ એવું કહ્યું કે આપણે પ્રથમ ભારતીય છીએ બાદમાં પારસી!અમારે વેક્સીન ત્યારે જોઈએ જ્યારે દરેક ભારતીયને વેક્સીન લાગી જાય!!

ફેક્ટરીથી શરુ થઈને વેક્સીન આગળ કેવી રીતે આવે છે જુઓ એક ઝલક :

વેક્સીન જે કાચની શીશીમાં એટલે કે વ્હાઈલમાં પેક થાય છે, એને પણ એક પારસી કંપની જ બનાવે છે... જેનું નામ છે 'સ્કોટસ્લાઈસ' અને એનાં માલિક છે "રાસીદ દાદાચંદજી".

વેક્સીનને પૂરાં ભારતમાં ટ્રાન્સપોર્ટેશન માટે "રતન ટાટા"એ પોતાની કંપનીના રેફ્રીજરેટેડ વાહન મુફ્તમાં આપ્યાં છે!!

જો વેક્સીનને હવાઈ માર્ગે જેટથી મોકલાય તો એનાં માટે એક પારસી "શ્રી જાલ કવાડિયા"એ પોતાના ૫ જેટ આપ્યાં છે!!

વેક્સીનને રાખવાં માટે જે ડ્રાઈ આઈસ એટલે કે લીક્વીડ કાર્બન ડાઇઓક્સાઇડનો ઉપયોગ થઈ રહ્યો છે એ પણ એક પારસી "ફ્રોક દાદાભાઈ" આપી રહ્યા છે!!

ભારતમાં ૨૫ જગ્યા પર વેક્સીનેશન સ્ટોર માટે એક પારસી "આદિ ગોદરેજ"પોતાના રેફ્રીજરેટેડ યુનિટ પણ સોંપી દીધા છે!!

વિચારો આ પારસીઓને ભારતની કોઈ સુવિધા નથી જોતી. એ પોતાને ક્યારેય અલ્પસંખ્યક માનતા જ નથી!!મારાં ખ્યાલ મુજબ આજ સુધી પારસીઓએ અલ્પસંખ્યક કલ્યાણ યોજનાનો ફાયદો નથી લીધો. એમાં પણ પારસીઓ પોતાને અલ્પસંખ્યક નહિ, પણ "ભારતીય"સમજે છે. ભારતના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. ભારતની ચ્ઝ્ઝ માં સૌથી વધુ યોગદાન આપી રહ્યા છે. ભારતને સૌથી વધુ ટેક્સ પણ તેઓ ચૂકવી રહ્યા છે..... અને જ્યારે પણ ભારતને મદદ કરવાની હોય... ત્યારે સૌથી આગળ પારસીઓ જ હોય છે....!!!

શત શત નમન છે...

આ ભારતના મહાન સપૂતોને!

ગોંડલનાં બાપુ જાગ્યા,ભાજપના પૂર્વ ધારાસભ્ય જય રાજસિંહ જાડેજા,રાજકોટના નેતાઓ ક્યારે બંગડી કાઢશે?

રૈયાણી, સાગઠિયા, ગોવિંદ પટેલ, ખુદ રૂપાણી શહેરની પ્રજા માટે કંઈ જ કરી શક્યા નથી, જો કામ કરવું છે તો ઓક્સિજન, બેડ કાં ઈન્જેકશનના કરી બતાવો, પ્રજા હેરાન છે અને હજુ થશે કારણ કે તમારા લોકોની નીતિ ખોટી છે ગોંડલના ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ પ્રજા માટે સિંહગર્જના કરી, જો ગોંડલની પ્રજા માટે ઓક્સિજન અને ઈન્જેકશનનો પૂરતો જથ્થો નહીં આપવામાં આવે તો કલેકટર કચેરી સામે આમરણાંત આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી છે.પ્રજા માટે આ પગલું ભરનારા જયરાજસિંહ માટે સમગ્ર ગોંડલ પંથકમાં વાહ-વાહ થઈ રહી છે કારણ કે પોતાની ભાજપ સરકાર હોવા છતાંય સરકારની સામે વિરોધ કરવો એ લોખંડના ચણા ચાવવા બરાબર છે, અંતે બાપુએ સરકારની ચિંતા કર્યા વગર પોતાની પ્રજા માટે સાહસભર્યું પગલું ભરતાં તંત્ર હરકતમાં આવી ગયું અને યુદ્ધના ધોરણે કાર્યવાહી શરૂ કરી છે. આવા તાકાતવર નેતાની રાજકોટને હાલ તાકીદે જરૂર છે, માયકાંગલા નેતાઓના કારણે પ્રજા રામભરોસે છે, આત્મનિર્ભર પ્રજા હોવાથી ગમેતેમ કરીને રસ્તો કાઢી લે છે, આ એ જ પ્રજા છે જેણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાજકોટની પ્રથમ ચૂંટણીમાં ભવ્ય જીત અપાવી, બાદમાં રાજકોટના વિજય રૂપાણીને જીતાડી બતાવ્યા, રૂપાણીજીના હાથને વધુ મજબૂત કરવા કોર્પોરેશનની ચૂંટણીમાં ૬૮ નગરસેવકોને પણ 'મત' આપી ભવ્ય જીત અપાવી છે, છતાંય આટલું બધું પ્રજાએ યોગદાન આપ્યું તો ય પ્રજા ક્યાં છે? નેતાઓ માટે તો આ ઋણ અદા કરવાનો મોકો હતો, પણ જાડી ચામડીના નેતાઓએ આ મોકો ગુમાવી દીધો છે. ઉલ્ટાનું જે કોંગ્રેસના નેતાઓ કલેકટરની ગાડીને પ્રજા માટે અટકાવી રહ્યા છે તેની પોલીસે ધરપકડ કરી છે,ભાજપના નેતાઓ એક તો કાંઈ જ કરી શકતા નથી પણ જે પ્રજા માટે સત્તા વગર કરે છે તેને પોલીસનો ડર બતાવી રહ્યાં છે. શહેરની હોસ્પિટલોમાં જગ્યા નથી. લોકો ઓક્સિજન માટે વલખાં મારી રહ્યાં છે. દર્દીઓ તડપી-તડપી જીવ દઈ રહ્યા છે છતાંય આ નેતાઓના પેટનું પાણી પણ હલતું નથી, માત્ર ચાર-પાંચ ઓક્સિજનનાં બાટલાઓનું વિતરણ કરી ફોટોસેશન કરી ચાલતી પકડી રહ્યાં છે, અવારનવાર સામાન્ય ડામર રોડના ઉદ્‌ઘાટનમાં વ્યસ્ત નેતાઓને સિવિલ હોસ્પિટલની પરિસ્થિતિ જોવાનો સમય સુદ્ધાં નથી, ધારાસભ્ય અરવિંદ રૈયાણી ઓક્સિજન બાટલા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરતાં દેખાતા નથી રંગીલુ રાજકોટ નેતાઓના પાપે રડવા લાગ્યું છે. પરિવારના આધારસ્તંભ વ્હાલસોયા પુત્ર, વડીલો, દીકરીઓનો કોરોના જીવ લઈ રહ્યો છે. લોકોને અત્યારે ઓક્સિજન, હોસ્પિટલમાં બેડ, ઈન્જેકશન બાબતે મદદની જરૂર છે જે પૂરી પાડવામાં ભાજપના કહેવાતા નેતાઓ નિષ્ફળ નિવડ્યા છે. ચૂંટણી સમયે માઈક્રો પ્લાનિંગના ફાંકાફોજદારી કરતા નેતાઓ હાલ તો ક્યાં છુપાય ગયા છે તે પ્રજાને ખબર જ નથી. દરેક વોર્ડમાં કાર્યાલય ખોલી મેળાવડા કરતાં નેતાઓ દરેક વોર્ડમાં એક ક્ય્ટ્રોલ રૂમ ન ખોલી શકે? દાનત હોવી જરૂરી છે, પ્રજાને હંમેશા મૂર્ખ જ સમજતાં નેતાઓને અત્યારે પણ પ્રજાની પીડાની કંઈ જ પડી નથી, વિકાસની ખોટી ડંફાસો ફેંકતા નેતાઓને ખબર નહીં હોય આ સમયમાં લોકોએ જે દર્દ સહન કર્યું છે તે આગામી દિવસોમાં તમને લોકોને જોવા મળે તો નવાઈ નહીં, માત્ર થોડીક રાહ જોજો.... રંગીન મિજાજી રાજકોટવાસીઓ આજે જીવન-મરણની લાઈનોમાં લાગેલા છે, પરેશાન છે, ઉચાટમાં છે, દવા વગર, સારવાર વગર કોઈની મા મરી રહી છે, બાપને ઈન્જેકશનની તાતી જરૂરિયાત છે પણ લાવી નથી શકતો. 'કમળ'ના રાજમાં હાલ તો દરેક લોકો તૂટવાના આરે આવીને ઉભા છે, તૂટતા બચાવી લ્યો, કલેકટર હોય કે મ્યુનિ કમિશનર તેઓને તતડાવી નાંખો પ્રજા માટે કંઈક તો કરો પ્રજાએ કેટલા ઉમળકાથી મતદાન કર્યું હતું તેની તો થોડીક લાજ રાખો, જે પ્રજાએ તમને ઉચ્ચ ગાદી આપી તે માટે હવે તો યુદ્ધના ધોરણે કામ કરો, પ્રજા અતિશય વેદનામાં છે, રોષમાં છે કારણ કે રોજ આપણા સ્વજનો જીવ ગુમાવી રહ્યા છે.

રામજી મંદિર પાલનપુરમાં થી ચાલતી આ મહામારીમાં અદભુત સેવાઓ

ગરીબો માટે ભોજન,હોસ્પિટલના સગા વાળાઓને જમવાનું,કોર્નટાઈન લોકો માટે ટિફિનની વ્યવસ્થા

પાલનપુર શ્રી રામ સેવા સમિતિ રામજી મંદિર પથથર સડક મહંત શ્રી શ્રી ૧૦૦૮ રાઘવદાસજી મહારાજ અને કનૈયા ઢાબા કલ્પેશ ભાઈ પટેલ ના સહયોગ થી ગરીબો માટે જમવાની વ્યવસ્થા કીર્તિસ્તંભ,રેલવેસ્ટેશન,કોજી,સિવિલ હોસ્પિટલ,કોજી ફૂટપાથ પર રહેતા ઝૂંપડપતિ, ડોકટર હોઉસ વિસ્તાર માં જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે આવી મહામારી મા માધ્યમ વર્ગ ગરીબ દવાખાને સગા સંબંધી ઓ ને પડતી તકલીફ જોઈ ને આ ઉત્તમ વિચાર કલ્પેશ ભાઈ પટેલ (કનૈયા ઢાબા) ને આયો અને એમના સહયોગ થી આ સેવાકીય કાર્ય ચાલુ કરવા માં આવ્યું,અને કોંરનટાઈન થેયેલા લોકો ને વ્યવસ્થા મળી રહે એના માટે દેવેન્દ્ર ભાઈ આચાર્ય ના સહયોગ થી ટિફિન સેવા ચાલુ કરવા માં આવી,આ સેવાકીય કાર્ય માં પ્રિતેશભાઈ ખત્રી, જીગ્નેશ પરમાર,જીગર ગુપ્તા,નયન પંચાલ,યશ પંચાલ,જીગ્નેશ પ્રજાપતિ,ભાવિન મોદી,આ સેવાકીય કાર્ય માં સેવા આપી રેહયા છે

ગાંધીનગરમાં ૧૮ વર્ષથી વધુ વયના લોકોના રસીકરણની શરૂઆતે મેયરશ્રીએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી ગુજરાતમાં શનિવારથી ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકોને વેક્સિન આપવાનું અભિયાન શરૂ કરાયુ હતું. ત્યારે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા ગાંધીનગરના વિવિધ રસીકરણ કેન્દ્ર ખાતે રસી લઈ રહેલા ૧૮ વર્ષથી વધુ વયના લોકોની મુલાકાત લેવામાં આવી હતી. મેયરશ્રીએ આ પ્રસંગે જણાવ્યુ હતું કે હું ૧૮ વર્ષથી વધુ વયના સૌ યુવા વર્ગને અપીલ કરું છું કે તેઓ વેક્સિન માટે ઝડપથી રજીસ્ટ્રેશન કરાવે અને રસી મુકાવીને પોતાને તથા પરિવારજનો અને સમાજને મહામારી સામે સુરક્ષિત કરવાના મહાયજ્ઞમાં આહૂતિ આપે. આ સાથે વૈશ્વિક કોરોના સંક્રમણની મહામારીને સંપૂર્ણપણે નાથવા અર્થે રાષ્ટ્રીય સ્તરે શરૂ થયેલા વિશ્વના સૌથી મોટા ×રસીકરણ અભિયાન' અન્વયે ગાંધીનગર ખાતે કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો હતો. તેમણે એમપણ કહ્યું કે ×બે ડોઝ રસીના.. હારશે કોરોના' આ સુત્રને સાર્થક કરવાનું છે.

કાંકરેજ: ભદ્રેવાડી ગામ ખાતે વેક્સિન રસીકરણ કેમ્પ યોજાયો.

બનાસકાંઠા

સમગ્ર દેશ સહિત ગુજરાત ભરમાં કોરોના કહેર વચ્ચે કોવિડ-૧૯ વેક્સિન રસીકરણ કેમ્પ ચાલુ છે અને લોકો રસી મુકાવી રહ્યા છે ત્યારે કાંકરેજ તાલુકાનાં ભદ્રેવાડી ગામમાં પણ કોવિડ-૧૯નો રસીકરણ કેમ્પ ચાલી રહ્યો છે અને ટોટાણા પી.એચ.સી સ્ટાફ દ્વારા સુંદર કામગીરી બજાવવા માં આવી રહી છે સાથે સાથે લોકોને કોવિડ-૧૯ વેક્સિન રસી ને લઇ અફવા થી દૂર રેહવા અને રસી મુકાવવા માટે જાગૃત પણ કરવામાં આવી રહ્યા છે ત્યારે ગઈ કાલે ભદ્રેવાડી દાઉદી વોહરા સમાજ ના ૧૧ થી વધારે લોકો દ્વારા રસી મુકાવવા માં આવી હતી ત્યારે બાકી રહી ગયલ છે તેઓને પણ રસી લેવા અપીલ કરી હતી અને ગામ લોકો પણ જાતે જાગૃત થઇ રસીકરણ કેમ્પમાં રસી મુકાવી રહ્યા છે.

(રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)

અરવલ્લી :લગ્નમાં પોલીસ પર જીવલેણ હુમલો,૨ કર્મી ઈજાગ્રસ્ત મેઘરજના ડેરિયા પંચાલ ગામની ઘટના

અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજયમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. તો કોરોના સંક્રમણને રોકવા માટે પણ અનેક પગલા ભરવામાં આવી રહ્યાં છે. તો રાજય સરકારે કડક નિયમો બનાવ્યા છે. રાજય સરકારે લગ્ન સમારહો માટે ૫૦ લોકોની છૂટ આપી છે. પોલીસતંત્ર લગ્નપ્રસંગોમાં સરકારી ગાઈડલાઈનની અમલવારી માટે સતત દોડાદોડી કરી રહી છે રાજયમાં અનેક લગ્નસમારોહમાં નિયમોનો રીતસર ઉલાળીયો કરવામાં આવતા પોલીસે ફરિયાદ નોંધવાની ફરજ પડી છે અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ડેરીયા પંચાલ ગામે લગ્નપ્રસંગમાં ડીજે બોલાવી સરકારે જાહેર કરેલ સંખ્યા કરતા વધુ લોકો એકઠા થઇ બિંદાસ્ત લગ્નની મજા માણી રહ્યા હોવાની જાણ થતા ઇસરી પોલીસ સરકારી ગાઈડલાઈન કરવવા પહોંચતા લગ્નમાં હાજર અમદાવાદના મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો પોલીસકર્મી અને લગ્નપ્રસંગ પરિવાર અને લોકોએ પોલીસ પર જીવલેણ હુમલો કરતા ભારે ચકચાર મચી હતી પોલીસપર હુમલો થતા મોટી સંખ્યામાં પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચી હુમલાખોરોને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. મેઘરજ તાલુકાના ડેરિયા પંચાલ ગામે લગ્નપ્રસંગમાં કોરોના ગાઈડલાઈનનો ભંગ કરી મોટી સંખ્યામાં લોકો ડીજે સાથે નાચગાનમાં મસ્ત બનતા કોરોના સંક્રમણ ફેલાવવાનો ભય પેદા થતા ઇસરી પોલીસ ડેરિયા પંચાલ ગામે પહોંચતા પોલીસ જોઈ લગ્નની મજા માણતા લોકો ઉશ્કેરાઈ ગયા હતા અને પોલીસ પર લાકડીઓ વડે તૂટી પડી જીવલેણ હુમલો કરતા બે પોલીસ કર્મીઓના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા આ અંગેની જાણ ઉચ્ચ અધિકારીઓને કરતા તાબડતોડ ઇસરી પોલીસ સહીત જીલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી સ્થિતી પર કાબુ મેળવી બંને ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓને સારવાર અર્થે ખસેડી દીધા હતા ઘટનાની ગંભીરતા સમજી ડીવાયએસપી ભરત બસીયા ઇસરી પોલીસ સ્ટેશન પહોંચી સમગ્ર ઘટનાનો તાગ મેળવ્યો હતો

ઇસરી પોલીસે ભાવીકકુમાર સોમાભાઈ પંચાલ નામના પોલીસકર્મીની ફરિયાદના આધારે તારાચંદ ભીખાભાઈ ખાંટ,પોલીસકર્મી પ્રવીણ ખરાડી (મોટી પંડુલી), ડીજે ના સંચાલક અને લગ્નપ્રસંગમાં એકઠા થયેલ ૧૦૦ લોકોના ટોળાસામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

નર્મદા જિલ્લાની ૬૬૯ પ્રાથમિક શાળાઓમાં જરૂરી સુવિધાઓ સાથે કોવિડ કેર સેન્ટર કાર્યરત

રાજય સ્થાપના દિન તા. ૧ લી મેથી સમગ્ર ગુજરાતમાં "મારૂ ગામ કોરોના મુકત ગામ" રાજયવ્યાપી અભિયાનનો પ્રારંભ

કલેકટરાલયના વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે ખાસ ઉપસ્થિત રહીને "મારૂ ગામ કોરોના મુકત ગામ" અભિયાનમાં સહભાગી બનતાં જિલ્લા પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડ

રાજપીપલા,તા ૧

ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે તા. ૧ લી મે થી તા. ૧૫ મી, મે-૨૦૨૧ સુધી સમગ્ર ગુજરાતમાં "મારૂ ગામ કોરોના મુકત ગામ" ના હાથ ધરાયેલા રાજયવ્યાપી અભિયાનનો આજથી પ્રારંભ કરાયો છે. ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી તેમજ રાજયના પંચાયત વિભાગના મંત્રી જયદ્રથસિંહ પરમાર વગેરેની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતેથી આજે યોજાયેલા ઉકત કાર્યક્રમનો બાયસેક, ઇ-ગ્રામ પવન ચેનલ તથા જીસ્વાનના માધ્યમથી જીવંત પ્રસારણ કરાયું હતું. જે તે ઉપસ્થિત મહાનુભાવો, પદાધિકારીઓ, અધિકારીઓએ નિહાળ્યું હતું.

ગુજરાતના ગ્રામ ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ પશુપાલન અને ગૌસંવર્ધન વિભાગના રાજય કક્ષાના મંત્રી તેમજ નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડ તેમજ ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમના મેનેજીંગ ડિરેકટર અને જિલ્લાના પ્રભારી સચિવ એસ.જે.હૈદર આજે રાજપીપલા કલેકટરાલય ખાતેના વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે ખાસ ઉપસ્થિત રહીને ઉકત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટર ડી.એ.શાહ, જિલ્લા વિકાસ અધિકારી એલ.એમ.ડિંડોર, જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ, નિવાસી અધિક કલેકટર એચ.કે.વ્યાસ, સહિત જિલ્લા આરોગ્યતંત્રના અધિકારીઓ પણ તેમાં જોડાયાં હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લામાં "મારૂ ગામ કોરોના મુકત ગામ" અભિયાન હેઠળ જિલ્લાની ૬૬૯ પ્રાથમિક શાળાઓમાં કોવિડ કેર સેન્ટર કાર્યરત કરીને તેમાં કુલ ૩૧૧૨ પથારી (બેડ) ની સુવિધા-વ્યવસ્થા કરાયેલ છે. આ કોવિડકેર સેન્ટરમાં ગાદલું, ઓસીકુ, ચાદર, ચારસો, પીવાના પાણીની સુવિધા ઉપરાંત અન્ય વપરાશ માટેના વાપરવાના પાણીની સુવિધા, માસ્ક, સેનેટાઇઝર દવાની કીટ, સેનીટેશનની સુવિધા અને સફાઇ તેમજ નાહવા માટેની પણ અલાયદી સુવિધા કરાયેલ છે.

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી તેમજ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના ઉકત કાર્યક્રમના જીવંત પ્રસારણને જિલ્લા કક્ષાએ, તાલુકા પંચાયત કક્ષાએ અને ગ્રામ પંચાયત કક્ષાએ પદાધિકારીઓએ ઉપસ્થિત રહીને નિહાળ્યું હતું અને પોતાના ગામને કોરોના મુકત ગામ બનાવવા અંગે માર્ગદર્શન મેળવી આ અભિયાનને સફળ બનાવવા સંકલ્પબધ્ધ થયાં હતા.

તસવીર :જયોતિ જગતાપ, રાજપીપલા

પરેશ ધાનાણી માનવતા બતાવી મહેકી ઉઠ્યા..

પરેશભાઈ ધાનાણીની સુજબુજ થી ભરૂચની વેલફેર હોસ્પીટલના ૫૦ જેટલા દર્દીઓ બચી ગયા

મિત્રો ગઈકાલે મોડી રાત્રે ભરૂચ ની વેલફેર હોસ્પિટલ કૉવિડ સેન્ટર માં ભીષણ આગ લાગવાથી હોસ્પિટલ માં સારવાર લઈ રહેલા ૧૬ જેટલા દર્દીઓ ના અકસ્માતે મૃત્યુ થયા હતા.

ભરૂચ ની વેલફેર હોસ્પિટલ માં આઈસીયુ વોર્ડ માંથી રેસ્ક્યું કરાયેલા ૫૦ જેટલા દર્દીઓ નો બચાવ કરવો એ લગભગ અશક્ય જણાતું હતું.

વિરોધપક્ષ ના નહિ પરંતું લોકો ના નેતા એવાં પરેશભાઈ ધાનાણી ને મોડી રાત્રે જેવા સમાચાર મળ્યા કે તેમણે સી.એમ.ઓ. ઓફિસ માં સૂચના આપી અને ત્વરિત એક્શન લેવાં માટે જણાવ્યું.

બચેલા દર્દીઓ ને અન્યત્ર હોસ્પીટલ મા શિફ્ટ કરવા માટે ઓકિસજન ની બોટલ અને ફ્લો મીટર ની વ્યવસ્થા કરવી ખૂબ જરૂરી હતી. ત્યારે પરેશભાઈ એ સુરત ના કોંગ્રેસ આગેવાન અશોકભાઈ અધેવાડા ને રીગ કરી અને ૫૦ ફ્લોમીટર ની વ્યવસ્થા કરવા માટે જણાવ્યું.

અને એકાદ કલાક ના નજીવા સમય માં અશોકભાઈ એ ૫૦ ફ્લોમીટર ની વ્યવસ્થા કરી અને દર્દીઓ સુધી પહોંચાડી આપ્યા.

મોડી રાત્રે જો આ ૫૦ ફ્લોમીટર ના મળ્યા હોત તો મોટી જાનહાનિ થવાની સંભાવના હતી.

આમ પરેશભાઈ ની સૂજબુજ અને અશોકભાઈ ની ત્વરીત અને ઝડપી કરેલી વ્યવસ્થા ના લીધે ઘણા દર્દીઓ ના જીવ બચી ગયા હતા.પરેશભાઈ ને સમાચાર મળતાં ની સાથેજ ધારાસભ્ય ઝયાસુદીન શેખ તેમજ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સહીત ભરૂચ જવા રવાના થયા હતા. અને સી.એમ.ઓ. અને સ્થાનિક પ્રશાસન અને જરૂર જણાતા લોકો સાથે સંકલન માં રહી અને રેસક્યું કરાયેલા દર્દીઓ ના જીવ બચાવવા માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

કોરોના મહામારીએ પાંજરાપોળ ગૌશાળાઓને ૬ માસ સુધી પશુ સહાય સબસીડી જાહેર કરવા માંગ

કોરોના મહામારીની બીજી લહેર થી સમગ્ર ભારતમાં હાહાકાર મચી ગયેલ છે. ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્રના જીવદયા પ્રેમીઓના દાનથી પાંજરાપોળ ગૌશાળાઓનો નિભાવ થતો હોઈ છે.ગુજરાતમાં સૌથી વધુ પાંજરાપોળ ગૌશાળાઓ કચ્છ જિલ્લામાં આવેલ છે. અને સૌથી વધુ ગૌધન પણ કચ્છ જિલ્લામાં આવેલ છે. જેથી પાંજરાપોળ ગૌશાળાઓ પ્રતિદિન પશુધનની સંખ્યા વધતી જતી હોય છે. હાલની કોરોના મહામારીમાં ધંધા રોજગાર પડી ભાગ્યા છે. કચ્છ જિલ્લાની પાંજરાપોળ અને ગૌશાળાઓ મુખ્યત્વે જૈન મહાજનો અને જીવદયા પ્રેમીજનોના દાન પર નભે છે. સંવેદનશીલ માન.મુખ્યમંત્રીની જીવદયા પ્રત્યેની સંવેદનાના કારણે ગત વર્ષ-૨૦૨૦માં એપ્રિલ/મે અને ઑક્ટોબર થી ડીસેમ્બર સુધી પશુ દિઠ ૨૫ /- રૂપિયા સહાય સબસીડી આપવામાં આવેલ ત્યારે જ પશુધન ભરણ પોષણ કરી શક્યા છીએ.

હાલ ફરી કોરોના મહામારીની બીજી લહેરમાં એની એજ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. હાલ પાંજરાપોળ ગૌશાળાઓમાં એક પણ રૂપિયો ડોનેશન ક્યાંયથી આવતું નથી ત્યારે પાંજરાપોળ ગૌશાળાઓ મોંઘા ભાવે ઘાસચારો ખરીદી કરી ખવડાવી શકે એવી હાલ પરિસ્થિતિ નથી ત્યારે પશુધનને મોતના મુખમાં ધકેલવાની શક્યતા છવાયેલ છે.

ગેરકાયદે કતલ માટે હેરાફેરીમાં પકડાતા પશુઓ, રસ્તે રઝરતા રખડતા બિન ઉપજાવ પશુઓ નગરપાલિકા, ગ્રામપંચાયતો દ્વારા મુકવામાં આવેલ પશુધન પણ પાંજરાપોળ ગૌશાળાઓ સાચવે છે પાંજરાપોળ ગૌશાળાઓ જો આવા પશુઓને સ્વીકારવાની સંભાળવાની ના પાડી દે તો આ પશુઓ કાંતો કતલખાને જશે અથવા તો રસ્તે રખડતા રહેશે આવા પશુઓ તરફ અનુકંપા રાખી દરેક પાંજરાપોળ ગૌશાળાઓ વર્ષોથી પશુધનને સાચવતી આવે છે. કચ્છ જિલ્લાની પાંજરાપોળ ગૌશાળાઓ કોઈપણ પ્રકારનો બોજો ઉઠાવી શકે એવી પરિસ્થિતિ નથી તમામ પાંજરાપોળ ગૌશાળાઓએ દેવાના ડુંગર જેટલું દેવુ કરેલ છે ત્યારે બે હાથ જોડી માન.સાહેબશ્રી ગુજરાતના સંવેદનશીલ માન.મુખ્યમંત્રીશ્રી તરીકે બિરાજમાન હોય ત્યારે અબોલ નિરાધાર પશુધન ભુખમરાથી મોતના મુખમાં ધકેલાઈ ત્યારે ફરી સંવેદનશીલ નિર્ણય લઈ ૬-મહિના માટે સબસીડીની જાહેરાત કરવામાં આવે તેવી વિનમ્ર ભાવે લાખો પશુધન વતી વિનંતી છે. ગુજરાત સરકાર પ્રજાલક્ષી છે સાથે જીવદયા લક્ષી પણ છે. વખતો-વખત તે બન્નેની સંભાળ રાખતી આવી છે ત્યારે અબોલ નિરાધાર પશુધન ભુખમરાથી મોતના મુખમાં ધકેલાઈ તે પહેલા ગુજરાતના સંવેદનશીલ માન.મુખ્યમંત્રીશ્રી તત્કાળ નિર્ણય લઈ રાજ્યની તમામ પાંજરાપોળ ગૌશાળા ઓને દૈનિક પ્રતિપશુ દિઠ સહાય સબસીડી આપવામાં આવે તો એ પાંજરાપોળ ગૌશાળાઓ માટે સંજીવની પુરવાર થશે. અબોલ પશુઓ માટે આવી જાહેરાતમાં વાત્સલ્ય યોજના પુરવાર થશે.ત્યારે સમગ્ર ગુજરાતની પાંજરાપોળ ગૌશાળાઓમાં નિભાવથતા લાખો અબોલ નિરાધાર પશુધન વતી વિનંતી કરીએ છીએ.

જૂનાગઢ : કાથરોટાની પ્રા.શાળામાં કોવિડ આઇસોલેશન સેન્ટર શરુ

પ્રતીક પંડ્યા, જુનાગઢ

જૂનાગઢ જિલ્લાના કાથરોટા ગામની નવાબીકાળની ઐતિહાસિક ઇમારતમાં કાર્યરત પ્રાથમિક શાળામાં કોવિડ આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. સામાન્ય લક્ષણ ધરાવતા દર્દીઓને સ્થાનિક સ્તરે સુવિધા મળી રહે તે હેતુથી કોવિડ આઈસોલેશન સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે વર્તમાન સમયમાં કોરોનાની મહામારીના કારણે સોરઠના ગામડાઓમાં કોરોના બેકાબુ બન્યો છે અને દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત આ સુવિધા અનેક દર્દીઓ માટે આશીર્વાદ સમાન સાબિત થશે.

ગુટકા બીડી સિગારેટ વેચતા કેટલાક લાલચું વેપારીઓને કાયદાનો પાઠ ભણાવે તેવી પાલનપુરના લોકોની ઉગ્ર માંગ

તમામ ગુટકાનાં પૅકેટો પર પચાસ થી એંસી રૂપિયાનો ધરખમ વધારો રાતોરાત જોકે તમામ ગુટકાના વેપારીઓ પાસે ગુટકા બીડી સિગરેટનો પૂરતો સ્ટોક હોવા છતાં કેટલાક લાલચુ વેપારીઓ દ્વારા ગુટકા બીડી સિગરેટ ના ભાવ ડબલ કરી દેવામા આવયા છે કોરોના જેવી કપરી પરિસ્થિતિ માં પણ કેટલાક લાલચુ વેપારીઓ પોતાની લાલચ છોડતા નથી આમ જનતાને ખુલેઆમ લૂંટી રહ્યા છે .પાલનપુર ના કેટલાક ગુટકાના લાલચુ વેપારીઓ ઉઘાડી લૂંટ મચાવતા પાલનપુરના કેટલાક લાલચુ ગુટકાના વેપારીઓ બીડી સિગારેટ ગુટકા વેચતા નાના પાનના ગલ્લા માં માલ વેચીને ઘર ચલાવતા નાના વેપારીઓ ને મોટી આફત દિલ્હીગેટ સિમલાગેટ પાવર હાઉસ અમિ રોડ કોઝી વિસ્તાર ગંજ બજાર રોડ સિટીલાઇટ રોડ પર ગુટકાના મોટા વેપારીઓની જો જિલ્લા એસપી તેમજ જિલ્લા કલેકટર દ્વારા ગોડાઉનો ની જો ચકાસણી કરવામા આવેતો ફક્ત ગુટકા બીડી સિગરેટનો કરોડોનો માલ મળી શકે છે છતાં કેટલાક લાલચુ ગુટકાના વેપારીઓ ડબલથી વધુ ના ભાવે વેચી રહ્યા છે બીડી સિગારેટ અને ગુટકા લોકડાઉન લાગી શકે છે તેવા ભયભીત ગુટકા બીડી સિગરેટના કેટલાંક આદિ વ્યક્તિઓ ડબલ કિંમતમાં બીડી સિગારેટ ગુટકા ખરીદી રહ્યા છે જેનો લાભ કેટલાક લાલચુ વેપારીઓ ઉઠાવી રહ્યા છે જિલ્લા એસપી શ્રી તેમજ જિલ્લા કલેક્ટર તત્કાળ તમામ બીડી સિગારેટ ગુટકા વેચતા વેપારીઓ પર લાલ આંખ કરી તેમને અલ્ટીમેટમ આપિ કાયદાનો પાઠ ભણાવે તેવી પાલનપુર ના નાગરીકોની અપીલ

ડભોલી ખાતે ધારાસભ્ય શ્રી વિનુભાઇ મોરડીયાનાં સહયોગથી કતારગામ મિત્રવૃંદ પરિવાર દ્વારા કાર્યરત ઓક્સિજન સુવિધા યુક્ત કોવિડ આઇસોલેશન સેન્ટરની પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટિલ સાહેબે મુલાકાત લઇ, નિરીક્ષણ કર્યું. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, સુરત શહેર ભાજપા અધ્યક્ષ શ્રી નિરંજનભાઇ ઝાંઝમેરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પરેશભાઇ પટેલ, શાસક પક્ષના નેતા શ્રી, અમિતસિંહ રાજપૂતજી, સુરત શહેર ભાજપ મહામંત્રી શ્રી કિશોરભાઇ બિંદલ તથા હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર્તાશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા.

અંતિમવિધી અટકી, હોસ્પીટલે અંતિમવિધી માટે તંત્રને જાણ કરી

મોડાસામાં શરમજનક ઘટના: Coronaથી યુવકનું મોત થતા મૃતદેહ છોડી પરિવાર રફૂચક્કર

અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના મહામારી ના સમયમાં આજે જ્યારે અજાણી વ્યક્તિઓ એકબીજાની મદદ કરી રહી છે.બીજી કોરોનાથી મોત થતા સ્વજનના પરિવારજનો મૃતકનો મૃતદેહ સ્વીકારવા પણ તૈયાર ન હોવાની અનેક ઘટનાઓ બની રહી છે ત્યારે મોડાસા શહેરની ખાનગી કોવીડ હોસ્પિટલમાં મહીસાગર જીલ્લાના યુવકનું સારવાર દરમિયાન મોત નિપજતા યુવક સાથે રહેલા આત્મીયજનોએ થોડી વારમાં હોસ્પિટલનું બીલ ચૂકવવાનું જણાવી રફુચક્કર થઇ જતા હોસ્પિટલના સત્તાધીશોએ મૃતકના પરિવારજનોનો યુવકનો મૃતદેહની અંતિમવિધી કરવા વારંવાર સંપર્ક કરતા માનવતા ચૂકેલા પરિવારજનોએ હોસ્પીટલ સત્તાધીશોને તમારી રીતે યુવકની અંતિમવિધી કરવાનું જણાવતા સત્તાધીશો ચોકી ઉઠ્યા હતા ખાનગી હોસ્પિટલે આખરે ૪ દિવસ સુધી પરિવારજનો ન ફરકતા હોસ્પીટલે જીલ્લા કલેકટરને પત્ર લખી મૃતક યુવકની અંતિમવિધિ કરવા મંજૂરી માંગી છે આ અંગે આરોગ્ય તંત્ર અને ટાઉન પોલીસને પણ જાણ કરવામાં આવી છે ત્યારે યુવકની અંતિમવિધિ ક્યારે થશે તે જોવું અતિ મહત્ત્વનું બની રહેશે. કોરોના મહામારીએ સંબંધોને શર્મસાર કર્યા હોય તે પ્રકારનો કિસ્સો મોડાસા શહેરમાં સામે આવ્યો છે. કોરોના સંક્રમિત યુવકનું અભીગમ કોવીડ હોસ્પિટલમાં મોત નિપજતા લાશ સ્વીકારવાને બદલે પરિવાર ગાયબ થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના વાઘેલા ગામના મોહનભાઈ અરજણભાઈ ડામોર નામના યુવકે કોરોના થતા ગંભીર અવસ્થામાં ૫ એપ્રિલે અભીગમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો હોસ્પિટલના તબીબોએ સતત ૨૨ દિવસ સુધી યુવકને બચાવવા અથાગ પ્રયત્નો પછી કારગર ન નીવડતા યુવકે દમ તોડી દીધો હતો યુવકનું મોત થતા સાથે રહેલા પરિવારજનોને હોસ્પિટલ દ્વારા સારવાર ખર્ચનું અને મેડીકલ બીલ ભરવા જણાવતા પરિવારજનો બીલ ભરવા અસમર્થ હોવાથી કે પછી અગમ્ય કારણોસર મૃતક યુવકનો મૃતદેહ સ્વીકારવાના બદલે લાપતા થઈ જતા હોસ્પિટલ તંત્ર ધંધે લાગ્યું હતું.મૃતક યુવકના પરિવારજનોનો સતત સંપર્ક કરવા છતાં યુવકની અંતિમવિધી કરવા ન આવતા હોસ્પીટલ સત્તાધીશો ચોંકી ઉઠ્યા હતા. અભીગમ હોસ્પીટલના સંચાલક તબીબે મૃતક યુવકના પરિવારજનોનો ૪ દિવસથી યુવકનો મૃતદેહની અંતિમવિધિ કરવા માટે લઇ જવા ટેલિફોનિક સંપર્ક કરતા પરિવારજનોએ સત્તાધીશોને તમારી રીતે યુવકની અંતિમક્રિયા કરી દેજો અને અમારી કોઈ જરૂરિયાત ન હોવાનું જણાવતા આખરે હોસ્પિટલના સત્તાધીશોએ મૃતક યુવકની અંતિમવિધી માટે જીલ્લા કલેકટરને પત્ર લખી પરવાનગી માંગવામાં આવી છે અને માર્ગદર્શન આપવા પણ રજુઆત કરવામાં આવી છે ત્યારે મૃતક યુવકના પરિવારજનો માનવતાને શર્મનાક કરવા કેમ મજબુર બન્યા તેમજ તેમની સામે સમગ્ર શહેરમાં ભારે ફિટકાર વરસી રહ્યો છે હાલ તો મૃતક યુવકની અંતિમવિધિ અટકી પડી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.